CMYK CMYK

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા વદ ચોથ | અંક : ૨૦૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### સપાના ધારાસભ્યએ ચીફ વ્હીપપદેથી રાજીનામું આપી દીધું

। નવી દિલ્હી, તા.૨૭ ।

રાજ્યસભાની ચૂંટણી વચ્ચે સમાજવાદી પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ધારાસભ્ય મનોજ પાંડેએ ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને મોકલી આપ્યું છે. ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ૧૦ બેઠકો માટે ચાલી રહેલા મતદાન વચ્ચે, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના નજીકના નેતા મનોજ પાંડેએ વ્હીપ પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે મનોજ ભારતીય જનતા પાર્ટીને વોટ આપી શકે છે. સપા નેતા અખિલેશ યાદવને લખેલા પત્રમાં મનોજ પાંડેએ કહ્યું હતું કે- 'હું ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી રહ્યો છું કૃપા મારા રાજીનામાનો સ્વીકાર કરશો.'

### મહિલાઓને જે પહેરવું હોય તે પહેરવાનો અધિકાર છે : રાહુલ ગાંધી

। પ્રયાગરાજ, તા.૨૭ ।

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા હાલ ઉત્તર પ્રદેશમાં છે. આ દરમિયાન રાહુલ ગાંધી અલીગઢ યુનિવર્સિટી પહોંચ્યા હતાં અને તેમણે અહીંની વિદ્યાર્થિનીઓ સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ, અધિકારો અને મહિલાઓના અભિવ્યક્તિ જેવા મુદ્દાઓ પર વાત કરી હતી. આ દરમિયાન જ્યારે એક વિદ્યાર્થીનીએ રાહુલ ગાંધીને પૂછ્યું કે જો તેઓ ભવિષ્યમાં દેશના વડાપ્રધાન બનશે તો હિજાબ પહેરતી મહિલાઓ વિશે તેમનો શું અભિપ્રાય છે? આના પર રાહુલ ગાંધીએ કહ્યું કે હું માનું છું કે મહિલાઓને જે પહેરવું હોય તે પહેરવાનો અધિકાર છે. તે સંપૂર્ણપણે સ્ત્રીઓ પર નિર્ભર કરે છે કે તેઓ શું પહેરવા માંગે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મારું મંતવ્ય છે કે મહિલાઓ શું પહેરે છે તે તેમની જવાબદારી છે. તેમને શું પહેરવું કે શું ન પહેરવું એ તેમનો નિર્ણય છે. મને નથી લાગતું કે તમે શું પહેરશો તે બીજા કોઈએ નક્કી કરવું જોઈએ. આ દરમિયાન જ્યારે તેમને રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે, રાજકારણ અને બિઝનેસમાં મહિલાઓનું પુરતું પ્રતિનિધિત્વ નથી.

### વડાપ્રધાને ગગનયાન મિશન માટેના અવકાશયાત્રીઓના નામ જાહેર કર્યા

# અવકાશયાત્રીઓ માણસો નથી, આ ૧૪૦ કરોડ આકાંક્ષાઓને અવકાશમાં લઈ જવા વાળી શક્તિ છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અંગદ પ્રતાપ, અજીત કૃષ્ણન અને શુભાંશુ શુક્લાને અવકાશમાં ભારતના પ્રથમ સમાનવ મિશન પર અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યો**

। (એજન્સી) તિરુવનંતપુરમ, તા.૨૭ ।

વડાપ્રધાનનરેન્દ્રમોદીઆજેકેરળનાતિરુવનંત પુરમ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (વીએસએસસી) ની મુલાકાત લીધી. તેમણે ગગનયાન મિશન માટેના અવકાશયાત્રીઓના નામ જાહેર કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન, રાજ્ય પ્રધાન મુરલીધરન અને ઈસરોના અધ્યક્ષ એસ સોમનાથ પણ હાજર હતા. પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અંગદ પ્રતાપ, અજીત કૃષ્ણન અને શુભાંશુ શુક્લાને અવકાશમાં ભારતના પ્રથમ સમાનવ મિશન પર અવકાશયાત્રી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ બધા ભારતીય વાયુસેના (આઈએએફ) માં વિંગ કમાન્ડર અથવા ગ્રૂપ કેપ્ટન છે. તેઓ ટેસ્ટ પાઈલટ તરીકે કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. આ ચાર અવકાશયાત્રીઓ બેંગલુરુમાં ઈસરોની અવકાશયાત્રી તાલીમ સુવિધામાં તાલીમ લઈ રહ્યા છે. અવકાશયાત્રીઓની પસંદગી આઈએએફના ઈન્સ્ટિટ્યૂટ ઓફ એરોસ્પેસ મેડિસિન ખાતે થઈ હતી.



### આજે આપણે બધા એક ઐતિહાસિક યાત્રાના સાક્ષી છીએ

વડા પ્રધાન મોદી અહીં અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ત્રણ મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ સતીશ ધવન સ્પેસ સેન્ટર શ્રીહરિકોટા ખાતે પીએસએલવીએકીકરણ સુવિધા, મહેન્દ્રગિરી ખાતે ઈસરોપ્રોપલ્શન કોમ્પ્લેક્સમાં નવી 'સેમી-ક્રાયોજેનિક્સ ઈન્ટિગ્રેટેડ એન્જિન અને સ્ટેજ ટેસ્ટ ફેસિલિટી' અને વીએસએસસીતિરુવનંતપુરમ ખાતે 'ટ્રિસોનિક વિન્ડ ટનલ'નું ઉદ્‌ઘાટન કરશે. આ માટે લગભગ ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. વડાપ્રધાને કહ્યું કે, 'આજે આપણે બધા એક ઐતિહાસિક યાત્રાના સાક્ષી છીએ. થોડા સમય પહેલા દેશ તેના ચાર ગગનયાન યાત્રીઓ સાથે પ્રથમ વખત પરિચિત થયો. આ માત્ર ચાર નામ અને ચાર માણસો નથી, આ ૧૪૦ કરોડ આકાંક્ષાઓને અવકાશમાં લઈ જવા વાળી શક્તિ છે. ૪૦ વર્ષ પછી કોઈ ભારતીય અવકાશમાં જશે, પણ આ વખતે સમય આપણો છે, ગણતરી પણ આપણી છે અને રોકેટ પણ આપણું છે.' તેમણે વધુમાં કહ્યું, 'મને એ જાણીને ખૂબ જ આનંદ થયો કે ગગનયાનમાં ઉપયોગમાં લેવાતા મોટાભાગના ઉપકરણો 'મેડ ઇન ઇન્ડિયા' છે. આ કેટલો મોટો સંયોગ છે કે જ્યારે ભારત વિશ્વની ટોચની ત્રીજી અર્થવ્યવસ્થા બનવા માટે ટેકઓફ કરી રહ્યું છે, તે જ સમયે ભારતનું ગગનયાન પણ આપણા અવકાશ ક્ષેત્રને એક નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યું છે.'

### બન્ને મંત્રીઓ હજુ સુધી ચૂંટણી લડ્યા નથી

## સિતારમણ અને જયશંકરને લોકસભાની ચૂંટણીમાં ઊતારવા ભાજપની યોજના

**સીતારમણ હાલ કર્ણાટકથી જ રાજ્યસભાના સભ્ય છે, એસ. જયશંકર ગુજરાતથી રાજ્યસભામાં આવ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશ મંત્રી એસ. જયશંકરને લઈને ભાજપે મોટી જાહેરાત કરી છે. ભાજપે બંને કેન્દ્રીય મંત્રીઓને આ વખતે લોકસભા ચૂંટણીમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. જો કે એ નથી જણાવ્યું કે તેઓ કઈ બેઠક પરથી ચૂંટણીમાં ઝંપલાવશે. જણાવી દઈએ કે, મોદી સરકારમાં નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર બંને કેબિનેટમાં મહત્ત્વના વિભાગ સંભાળી રહ્યા છે. હાલ તે બંને રાજ્યસભાના સભ્ય છે અને બંને હજુ સુધી ચૂંટણી નથી લડ્યા. કેન્દ્રીય મંત્રી પ્રહ્લાદ જોશીએ ભાજપ તરફથી જાહેરાત કરી હતી કે, 'પક્ષ આ વખતે બંનેને ચૂંટણીમાં ઉતારવાની યોજના ઘડીરહી છે.' જણાવી દઈએ કે, પ્રહ્લાદ જોશી પણ કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રી છે. કદાચ નિર્મલા સીતારમણને કર્ણાટકની કોઈ બેઠકથી ઉતારવામાં આવી શકે છે. પીટીઆઈના અહેવાલ પ્રમાણે, પ્રહ્લાદ જોશીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું કે, 'એ લગભગ નક્કી થઈ ચૂક્યું છે કે કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને એસ. જયશંકર આગામી લોકસભા ચૂંટણી લડશે.



### જ્ઞાનવાપીના ભોંયરામાં પૂજાની કોર્ટની મંજૂરી

## ૧૯૯૩માં જ્ઞાનવાપીમાં પૂજા પર રોકનો મુલાયમનો આદેશ ખોટો હતો : કોર્ટ

**મસ્જિદના દક્ષિણી ભોંયરામાં કોઈ પણ લેખિત આદેશ વિના પૂજા વિધિ રોકવા માટે કરવામાં આવેલી કાર્યવાહી ગેરકાયદેસર હોવાનો કોર્ટનો અભિપ્રાય**

। (એજન્સી) વારાણસી, તા.૨૭ ।

અલ્હાબાદ હાઈકોર્ટે સોમવારે વારાણસીના જ્ઞાનવાપી મામલે મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે મસ્જિદ કમિટિ તરફથી દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેતાં વ્યાસજીના ખંડ તરીકે ઓળખાતા જ્ઞાનવાપીના ભોંયરામાં પૂજા-અર્ચના ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો. આને હિંદુ પક્ષ માટે મોટી રાહત માનવામાં આવી રહી છે. એટલું જ નહીં હાઈકોર્ટે ૧૯૯૩માં તત્કાલિન મુલાયમ સિંહ યાદવના નેતૃત્વ વાળી સરકાર દ્વારા જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણી ભોંયરામાં પૂજા પર રોક લગાવાના નિર્ણયને ખોટો ગણાવ્યો છે. વારાણસી ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૩૧ જાન્યુઆરીના રોજ જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસ ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપી હતી. આ નિર્ણયને મુસ્લિમ પક્ષે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે મુસ્લિમ પક્ષની અરજી ફગાવી દીધી હતી.

### ભોંયરામાં થતી પૂજાને અટકાવવી એ શ્રદ્ધાળુઓના હિતની વિરુદ્ધ હશે

વારાણસી જિલ્લા ન્યાયાધીશના વારાણસી જિલ્લા મેજિસ્ટ્રેટને વ્યાસ જીના ભોંયરાના રીસીવર તરીકે નિયુક્ત કરવાના અને ભોંયરામાં પૂજા કરવાની મંજૂરી આપવાના નિર્ણયને હાઈકોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની ખંડપીઠે કહ્યું કે ૧૯૯૩માં તત્કાલીન રાજ્ય સરકાર દ્વારા વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણી ભોંયરામાં કોઈ પણ લેખિત આદેશ વિના પૂજા વિધિ રોકવા માટે કરવામાં આવેલી કાર્યવાહી ગેરકાયદેસર હતી. વ્યાસ પરિવાર લાંબા સમયથી વ્યાસ ભોંયરામાં પૂજા કરી રહ્યો હતો. પરંતુ ૧૯૯૩માં મુલાયમ સિંહ યાદવની સરકારે પૂજા પર રોક લગાવી દીધી હતી. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે પોતાના ચુકાદામાં કહ્યું કે, ૧૯૯૩થી વ્યાસ પરિવારને ધાર્મિક પૂજા અને અનુષ્ઠાન કરવાથી રોકવાનું રાજ્ય સરકારનું પગલું ખોટું હતું. ભોંયરામાં થતી પૂજાને અટકાવવી એ શ્રદ્ધાળુઓના હિતની વિરુદ્ધ હશે. હવે મુસ્લિમ પક્ષે જ્ઞાનવાપી પર સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.

## કાશી વિશ્વનાથ મંદિર ગુરૂકૂળમાં બાળકોને મફત શિક્ષણ અપાશે

। (એજન્સી) વારાણસી, તા.૨૭ ।

કોઈપણ બાળક નિ:શુલ્ક શિક્ષણ મેળવી શકે તે માટે શ્રી કાશી વિશ્વનાથ મંદિર દ્વારા આધુનિક ગુરુકુળની સ્થાપના કરવા પ્રસ્તાવ લવાયો છે. આ ઉપરાંત કાશી વિશ્વનાથ મંદિર ન્યાસ ગુરુકુળમાં આયુર્વેદિક આધારીત હોસ્પિટલ અને ગૌશાળા પણ બનાવવાની યોજના તૈયાર કરી રહ્યા છે. ન્યાસની આગામી બેઠકમાં ગુરુકુળની સ્થાપના અને સંચાલન અંગે અંતિમ નિર્ણય લેવાશે. આ ગુરુકુળ ચંદોલી, મિર્જાપુર અથવા સારનાથમાં મંદિરની ખાલી જમીન પર બનાવાશે. ચંદોલીમાં મંદિરની ૪૨ વીઘા જમીન છે.

નવા ગુરુકુળનું મંદિર દ્વારા સંચાલન કરાશે. ગુરુકુળમાં પ્રવેશ માટેની ઉંમર પાંચ વર્ષ, વેદોની તમામ શાખાઓનો અભ્યાસ સહિતનો પ્રસ્તાવ તૈયાર કરાયો છે. યજ્ઞોપવીત પછી કોઈપણ બાળક પ્રવેશ લઈ શકશે. શિક્ષકો દ્વારા વેદ ઉપરાંત નવી શિક્ષણ નિતિ હેઠળ આધુનિક વિષયોનો પણ અભ્યાસ કરાશે. શિક્ષકો માટે ગુરુકુળમાં રહેવાની અને જમવાની સંપૂર્ણ વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે. આ ગુરુકુળમાં અભ્યાસ કનરારા શિષ્યો શાસ્ત્રીથી લઈને આચાર્ય સુધીની ડિગ્રી મેળવી શકશે. આ અંગે ઉત્તર પ્રદેશના વારાણસીમાં આવેલા વિશ્વનાથ મંદિર ન્યાસના સભ્ય પ્રોફેસર બ્રજભૂષણ ઓઝાએ માહિતી આપતા જણાવ્યું કે, 'ન્યાસ ગુરુકુળ, હોસ્પિટલ અને ગૌશાળાના સંચાલનની યોજના બનાવી રહી છે. આ અંગે ટૂંક સમયમાં યોજાનાર ન્યાસની બેઠકમાં અંતિમ નિર્ણય લેવાશે.'

ગુરુકુળમાં ઋગ્વેદ અને તેની શાખાઓ શાકલા અને શંખયાન, યજુર્વેદ અને તેની શાખાઓ તૈત્તિરીય, મૈત્રાયણીય, કઠ અને કપિષ્ટલ તેમજ શુક્લ યજુર્વેદ અને તેની શાખા માધ્યન્દિનીય અને કાણ્વનો અભ્યાસ કરાવાશે. આ ઉપરાંત સામવેદ અને તેની શાખા કૌથુમ અને જૈમિનીય તેમજ અથર્વવેદ અને તેની શાખા શૌલક અને પૈપ્પલાદનો પણ પાઠ ભણાવાશે.

**ઉપનિષદોની સંખ્યા**

ઋગ્વેદિક - ૧૦ ઉપનિષદો
શુક્લ યજુર્વેદી - ૧૯ ઉપનિષદ
કૃષ્ણ યજુર્વેદી - ૩૨ ઉપનિષદ
સામવેદિક - ૧૬ ઉપનિષદો
અથર્વવેદ - ૩૧ ઉપનિષદો




### મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાની કમનસીબ ઘટના

## ઉરણ નજીક ડેમ તૂટી પડતાં બે બાળકનાં મોત

। (એજન્સી) રાયગઢ, તા.૨૭ ।

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં ઉરણ પાસે ડેમ તૂટી પડતાં બે બાળકોનાં મોત થયાં હતાં, એમ પોલીસે સોમવારે જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું કે બ્રિજ ધરાશાયી થયા બાદ ચારેય બાળકો ફસાયા હતા, જેમાંથી બેના મોત થયાની પુષ્ટિ થઈ છે. ઘટનાની વધુ વિગતો શેર કરતા એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે બાકીના બે બાળકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધુતુમ ગામ પાસે આ ઘટના બની હતી. આ ઘટના બનતા જ પોલીસ તેમજ આસપ ાસના વિસ્તારના નાગરિકો પણ દોડી આવ્યા હતા અને પુલ નીચે ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવામાં આવી હતી.

## ઈઝરાયેલ-હમાસ યુધ્ધ ટૂંકમાં બંધ થવાની બાઈડેનને આશા

। (એજન્સી) વોશિંગ્ટને, તા.૨૭ ।

૭ ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયલ સતત ગાઝા પર હુમલો કરી રહ્યું છે, છેલ્લા પાંચ મહિનામાં ગાઝામાં ૩૦ હજારથી વધુ પેલેસ્ટીનિયન નાગરીકોના મોત નીપજ્યા છે, મૃતકોમાં મોટાભાગે બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત ઈઝરાયલની ઘેરાબંધીને કારણે ગાઝામાં ભયંકર માનવ સંકટની પરિસ્થિતિ પેદા થઇ છે. એવામાં અમરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેને મહત્વની જાહેરાત કરી હતી. જો બાઈડેને આશા વ્યક્ત કરી છે કે આગામી સોમવાર સુધીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ થઈ જશે. તેમણે સ્વીકાર્યું કે બંને પક્ષો યુદ્ધવિરામ કરારની નજીક છે. ગાઝામાં યુદ્ધવિરામના પ્રશ્ન પર જો બિડેને કહ્યું, 'મારા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે મને કહ્યું છે કે અમે યુદ્ધવિરામની સમજુતીની નજીક છીએ અને આશા છે કે આવતા સોમવાર સુધીમાં યુદ્ધવિરામ થઈ જશે.' તેણે એમ પણ કહ્યું કે આ અંગે અંતિમ મંજૂરી મળવાની બાકી છે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



CMYK CMYK

# ગુજરાતમાં ગરમી અને પવન વધશે : હવામાન વિભાગ

## આગામી પાંચ દિવસની આગાહીમાં જણાવ્યુ છે કે, ધીરે ધીરે તાપમાનનો પારો ઉપર જશે આ સાથે પવનનું જોર પણ રહી શકે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

હાલ ગુજરાતનું વાતાવરણ સ્થિર નથી સોમવારે અનેક વિસ્તારોમાં સૂસવાટાભેર પવન સાથે વાદળછાયું વાતાવરણ હતુ તો આજે પવનનું જોર ઓછું થયુ છે. ગુજરાતના આવા વારંવાર બદલાતા વાતાવરણમાં હવામાન વિભાગે આગામી દિવસોમાં કેવું વાતાવરણ રહેશે તે અંગેની આગાહી કરી છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસની આગાહીમાં જણાવ્યુ છે કે, ધીરે ધીરે તાપમાનનો પારો ઉપર જશે આ સાથે પવનનું જોર પણ રહી શકે છે. સોમવારે હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, અભિમન્યુ ચૌહાણે આગાહીમાં જણાવ્યુ કતુ કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું વાતાવરણ શુષ્ક રહેશે. રાજ્યમાં હાલ વરસાદની કોઈ સંભાવના નથી. આ સાથે તેમણે લઘુત્તમ તાપમાન અંગે જણાવ્યુ હતુ કે, આગામી પાંચ દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. પરંતુ રાઈઝિંગ ટેન્ડન્સીની સાથે લઘુત્તમ તાપમાન ઊંચુ જશે. લઘુત્તમ તાપમાન એકથી બે ડિગ્રી ઊંચુ નોંધાઇ શકે છે.

અભિમન્યુ ચૌહાણે વધુમાં જણાવ્યુ કે, સોમવારે લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો અમદાવાદમાં ૧૮.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૮ ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ છે. આ સાથે રાજ્યમાં સૌથી ઓછું તાપમાન દીવમાં ૧૩.૪ ડિગ્રી નોંધાયુ હતુ. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, રાજ્યના દરિયાકાંઠે ઉત્તર પૂર્વ દિશામાં ફૂંકાશે. આ હવાની ગતિ ૪૦થી ૪૫ પ્રતિકલાકની અને મહત્તમ વધીને ૬૫ પ્રતિકલાક થઈ શકે છે. જમીનની વાત કરીએ તો હવા ઉત્તર પૂર્વ દિશામાં ફૂંકાઈ રહી છે. જેની સ્પીડ ૧૦થી ૨૦ કિમી પ્રતિકલાક રહેવાની શક્યતા છે.

મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે વધુમાં જણાવ્યુ છે કે, આખા ગુજરાતમાં જે વાદળો છે તેનાથી વરસાદ આવવાની સંભાવના નથી. રાજ્ય પર એક પ્રેશર ગ્રેડિઅન્ટ બનેલું છે તેનાથી તેજ હવાનો અનુભવ થશે. દેશની વાત કરીએ તો ભારતીય હવામાન વિભાગના અનુસાર, દક્ષિણ મધ્ય પ્રદેશ, દક્ષિણ છત્તીસગઢ, ઓડિસા અને વિદર્ભમાં ૨૬ અને ૨૭ તારીખે, ઝારખંડ અને ગંગીય પશ્ચિમ બંગાળમાં ૨૭ ફેબ્રુઆરીએ એટલે આજે વાવાઝોડું, વીજળી અને ઝડપી પવનોની સાથે છૂટોછવાયો, હળવો કે મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

દક્ષિણ મધ્ય પ્રદેશમાં ૨૭ ફેબ્રુઆરીએ દક્ષિણ છત્તીસગઢમાં અલગ અલગ જગ્યાઓ પર કરા પડવાની આગાહી છે. પશ્ચિમ હિમાલય વિસ્તાર અને આસપાસના મેદાની વિસ્તારોમાં હળવા વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તરાખંડમાં એક માર્ચે અલગ-અલગ સ્થાનો પર કરાની સંભાવના છે. મધ્ય ભારતમાં ૨૭ ફેબ્રુઆરીએ વાવાઝોડું, કરા અને વીજળી પડવાની સાથે વરસાદની ગતિવિધિઓની સંભાવના છે.



NDRF અને અમદાવાદ ફાયર દ્વારા સાબરમતી નદીમા પાણીમાં મોક ડ્રિલ કર્યુ હતુ.

### ન્યૂઝ બ્રિફ

## મહુવા માર્કેટ યાર્ડમાં ૯૨૭૮૨ કટ્ટા ડુંગળીની આવક થઈ

। (એજન્સી) ભાવનગર, તા.૨૭ ।

ભાવનગરમાં આવેલું મહુવા માર્કેટ સૌથી વિશ્વસનીય સ્થળ બન્યું છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડ ખાતે વિવિધ જણસીની આવક નોંધાઈ હતી. મહુવા માર્કેટ યાર્ડ ખાતે એરંડા, જુવાર, બાજરી, શીંગ, ઘઉં, મકાઈ, અડદ, મગ, ધાણા, સોયાબીન, ચણા, સફેદ અને કાળા તલ, તુવેર, લાલ અને સફેદ ડુંગળી, નાળિયેરની આવક નોંધાઈ હતી. ૨૬ ફેબ્રુઆરીના રોજ કુલ ૧૭ જણસીઓની આવક નોંધવામાં આવી હતી. મહુવા માર્કેટિંગ યાર્ડમાં સફેદ ડુંગળીના ૯૨૭૮૨ કટ્ટાની આવક થઈ હતી અને સફેદ ડુંગળીના ભાવ ૨૧૩ રૂપિયાથી લઈને ૩૧૨ રૂપિયા સુધીના બોલાયા હતા. ૨૬ ફેબ્રુઆરીના રોજ મહુવા માર્કેટ યાર્ડમાં ચણાની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક મણના નીચા ભાવ ૧,૨૫૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૩૫૦ રૂપિયા સુધી રહ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ટુકડા ઘઉંની હરાજી કરવામાં આવી હતી. પ્રતિ એક મણના ભાવ ૩૯૪ થી લઈને ૬૭૦ રૂપિયા સુધીના નોંધાયા હતા.

## ગોંડલ માર્કેટિંગ યાર્ડ મરચાની આવકથી છલોછલ ભરાયું

। (એજન્સી) ગોંડલ, તા.૨૭ ।

પંથકનું મરચું આમ તો દેશભરમાં પ્રખ્યાત છે. ત્યારે મરચાની મોસમ શરૂ થતાં જ ગુજરાતના નંબર વન ગણાતા ગોંડલ માર્કેટ યાર્ડમાં મરચાની અઢળક આવક થઈ છે. જોકે ગોંડલનું મરચું આ વખતે ભાવમાં થોડું મોરૂ પડ્યું હોય તેમ લાગી રહ્યુ છે. ગોંડલીયુ મરચું આમ તો પોતાની તીખાસ માટે દેશભરમાં જાણીતું છે. ગયા વર્ષે પ્રતિમળ મરચાનો ભાવ ૧૮૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦ રૂપિયા સુધી હતો જે ભાવ આ વર્ષે મરચું પ્રતિમળ ૮૦૦ રૂપિયાથી લઈને ૩૭૦૦ સુધી વેચાઈ રહ્યું છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડ સતાધીશોએ મરચાની આવકનો પ્રારંભ કરતા એક દિવસમાં ૬૫,૦૦૦ ભારી મરચાની આવક થઈ હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડનો મરચાનો પટ પણ ભરચક ભરાઈ ગયો હતો. એક સમયે ગોંડલ માર્કેટિંગ યાર્ડ બહાર પણ મરચા વેચવા આવેલા ખેડૂતોના વાહનોની લાંબી કતારો લાગી હતી. આ વખતે મરચા સસ્તાં થાય તેવી શક્યતા છે. હાલ તો ગોંડલ માર્કેટિંગ યાર્ડએ મરચાની આવકથી છલોછલ ભરાયું છે.ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં જેતપુર, ધોરાજી, જામકંડોરણા, લોધીકા, કોટડા, સાંગાણી, પડધરી તેમજ રાજકોટ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાંથી ખેડૂતો મરચા વેચવા માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડ આવતા હોય છે.

### ગુજરાતમાં દારૂની રેલમછેલ

## ગુજરાતમાં દારૂની પરમીટ લઈને દારૂ પીનારાઓનો રાફડો ફાટ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

બુટલેગરો પાસેથી પકડાતો દારૂ કાયદાના લીરેલારા ઉડાવે છે. પરંતુ આ તો વાત બિનકાયદેસર થઈ. પરંતુ ગુજરાતમાં કાયદેસર રીતે પણ પુષ્કળ દારુ પીવાય છે. પરમીટનો આંકડો કહે છે કે, ગુજરાતમાં દારૂની રેલમછેલ થાય છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૩ ની સ્થિતિએ ૩૯ હજાર ૮૮૮ લોકો પાસે દારૂની પરમીટ હોવાની વિગતો ખુદ સરકારે વિધાનસભામાં આપી છે. આંકડા કહે છે કે, ગુજરાતમાં દારૂની પરમીટ લઈને દારૂ પીનારાઓનો રાફડો ફાટ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય દિનેશ ઠાકોરના પ્રશ્નમાં સરકારે માહિતી આપી છે. જેમાં સરકારે જણાવ્યું કે, રાજ્યમાં વર્ષ ૨૦૨૩ ની સ્થિતિએ ૩૯ હજાર ૮૮૮ લોકો પાસે દારૂની પરમીટ છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૪ હજાર ૬૯૬ દારૂની પરમીટ માટે નવી અરજીઓ મળી છે. જ્યારે ૩૦ હજાર ૧૧૨ લોકોની દારૂની પરમિટ રીન્યુ કરવામાં આવી છે. સરકારને દારૂના પરવાનાથી કરોડોની આવક થઈ છે. ૩ વર્ષમાં દારૂના નવા પરવાના હેઠળ સરકારને ૮ કરોડ ૭૫ લાખ ૮૭ હજાર ૩૦૦ રૂપિયાની આવક થઈ છે. તો ૩ વર્ષમાં દારૂના રીન્યુ પરવાના હેઠળ ૨૯ કરોડ ૮૦ લાખ ૩૩ હજાર ૩૦૦ રૂપિયાની આવક થઈ છે. છેલ્લા ૩ વર્ષમાં સરકારને દારૂના પરવાના હેઠળ ૩૮ કરોડ ૫૬ લાખ ૨૦ હજાર ૬૦૦ રૂપિયાની આવક થઈ છે. જોકે, તાજેતરમાં જ એક માહિતી સામે આવી હતી. ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂ પીવામાં છૂટ આપવામાં આવી છે. તે પહેલા સરકારે સ્વાસ્થ્યના આધાર પર દારૂ ખરીદવાની મંજૂરી આપી હતી. જેની સંખ્યા ૩ વર્ષમાં ૫૮ ટકા સુધી વધી ગઈ. આ જાણકારી રાજ્યના નશાબંધી અને આબકારી વિભાગના આંકડાઓથી મળી છે. આંકડા મુજબ ગુજરાતમાં હવે ૪૩૪૭૦ પરિમિટ ધારકો છે. જે લોકોને સ્વાસ્થ્યના આધાર પર દારૂ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે તે સિવાય વિદેશી નાગરિકો અને અન્ય રાજ્યોના લોકોને ગુજરાત પ્રવાસ દરમિયાન વધુમાં વધુ એક અઠવાડિયાના સમયગાળા માટે દારૂ ખરીદવાની મંજૂરી મળે છે. આંકડા મુજબ અમદાવાદ જિલ્લો ૧૩૪૫૬ દારૂ પરમિટ સાથે ટોપ પર છે. ત્યારબાદ સુરતમાં ૯૨૩૮ દારૂ પરમિટ, રાજકોટમાં ૪૫૦૨, વડોદરામાં ૨૭૪૩, જામગનરમાં ૨૦૩૯ દારૂ પરમિટ, ગાંધીનગર ૧૮૫૧ અને પોરબંદર ૧૭૦૦ પરમિટ સાથે યાદીમાં છે. એક અન્ય આંકડા મુજબ ગુજરાતની ૭૭ હોટલોને પરમિટ ધારકોની સાથે સાથે દેશના અન્ય ભાગો કે વિદેશથી રાજ્યમાં આવનારા લોકોને દારૂ વેચવાનું લાયસન્સ આપવામાં આવ્યું છે. વિભાગ દ્વારા વ્યક્તિઓને દારૂ પરમિટ ત્યારે જ આપવામાં આવે છે.

### દેશ અને દુનિયાના હજારો ઉમાભક્તો જોડાશે

## વિશ્વ ઉમિયાધામનો ચતુર્થ પાટોત્સવની અમેરિકા સહિત ૫ દેશમાં થશે ઉજવણી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૭ ।

વિશ્વ ઉમિયાધામ- જાસપુર, અમદાવાદમાં જગતજનની મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મંદિર નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહેલ છે. આ સાથે સાથે આસ્થા, ઉર્જા અને એકતાના કેન્દ્રસમા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અવનવા સામાજિક તેમજ ધાર્મિક પ્રસંગોનું આયોજન પણ કરવામાં આવી રહેલ છે. તે અંતર્ગત વિશ્વ ઉમિયાધામ જાસપુર ખાતે કરોડો પાટીદારોના કુળદેવી જગત જનની મા ઉમિયાના સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ"ની ભવ્ય ઉજવણી થવા જઈ રહી છે. અમદાવાદના જાસપુર ખાતે ૨૮ અને ૨૯ ફેબ્રુઆરીના રોજ ચતુર્થ પાટોત્સવનું આયોજન કરાશે. જેમાં બે દિવસમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિતે નવચંડી યજ્ઞ, અન્નકૂટ તથા ધ્વજારોહણ જેવા ધાર્મિક પ્રસંગોનું આયોજન કરાયું છે. વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ પ્રસંગની વાત કરતા સંસ્થાના પ્રણેતા એવમ્ પ્રમુખ આર.પી પટેલ જણાવે છે કે, જગત જનની મા ઉમિયાનો ચતુર્થ પાટોત્સવ ન માત્ર જાસપુર પરંતુ વિશ્વના ૫ દેશોમાં ઉજવાશે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા અને યુનાઈટેડ કિંગડમમાં માતાજીનો પાટોત્સવની ઉજવણી કરાશે. સાથો સાથ ગુજરાતના વિવિધ ૩૩ જિલ્લાઓમાં પણ પાટોત્સવની ઉજવણી કરાશે. જેમાં દેશ અને દુનિયાના હજારો ઉમાભક્તો જોડાશે. મહત્વનું છે કે વિશ્વઉમિયાધામ સ્મૃતિ મંદિરના ચતુર્થ પાટોત્સવ નિમિતે અંગદાનના સંકલ્પ લેવડાવામાં આવશે.

### પુલમાં હલકી કક્ષાનું મટીરીયલ અને પુલ નબળો હોવાની ફરિયાદ

## પારનેરાપારડી ગામની વાંકી નદીનો પુલ દૂર કરવાની કામગીરી શરૂ કરાઇ

। (એજન્સી) વલસાડ, તા.૨૭ ।

વલસાડના અટકપારડી અને પારનેરાપારડી ગામની વાંકી નદીનો ભ્રષ્ટાચારનો પુલ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ૨.૪૨ કરોડના ખર્ચે વાંકી નદી પર બનાવવામાં આવેલ બ્રિજમાં નબળી ગુણવત્તા તથા માપપોથીમાં નોંધાયેલ માપો વિસંગતતા તેમજ ૩૬ જેટલી ક્ષતિઓ ધ્યાને આવતા આખરે ભ્રષ્ટાચારનો પુલ ઉપર જેસીબીથી તોડી નાખવામાં આવ્યો છે. જો કે આ પુલમાં માર્ગ મકાન પંચાયત વિભાગના ઈજનેરને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ બ્રીજ થોડા સમય અગાઉ જ બનાવવામાં આવ્યો હતો. જોકે પુલનું કામ કરનાર અમદાવાદની એજન્સીના નીકળતા બિલની રકમની માંગણી કરતા વલસાડ પંચાયત માર્ગ મકાન વિભાગના નયબ કાર્યપાલક ઈજનેર નિલય બી. નાયકે કોન્ટ્રાક્ટર પાસે ૧૫ લાખની લાંચ માંગી હતી. જો કે ૯ મહિના અગાઉ કોન્ટ્રાક્ટરે વલસાડ એસીબી સાથે ગોઠવેલા છટકામાં લાંચ લેતા નાયબ કાર્યપાલક ઈજનેર નિલય નાયક પાસે કોન્ટ્રાક્ટર ૧૫ લાખની લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાઈ ગયા હતા. પુલમાં હલકી કક્ષાનું મટીરીયલ અને પુલ નબળો હોવા અંગેની ગાંધીનગરમાં થયેલી ફરિયાદ આધારે તપાસ કરવામાં આવી હતી. જોકે તપાસ કરવા આવેલી ટીમે પુલ નબળો હોવા અંગેનો રિપોર્ટ આપતા તાત્કાલિક પુલને બંધ કરી દેવામાં આવ્યો હતો. અને ૩૬ જેટલી ક્ષતિઓ ધ્યાને આવતા આખરે ભ્રષ્ટાચારનો પુલને જેસીબીથી તોડી નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

**વિશેષ** આપણે-ગૂજરાત વિદ્યાપીઠે પૂજ્ય બાપુના આદર્શોને, મિશનને પુરા સમર્પણભાવથી જનઆંદોલન બનાવવાની આવશ્યકતા છે

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાજકોટ ડિવિઝનના ૧૨ રેલવે સ્ટેશનના રૂ.૧૮૧ કરોડના ખર્ચે પુનઃવિકાસનો ઈ-શિલાન્યાસ કરાયો

દેશમાં રેલવે મુસાફરોને વિશ્વ કક્ષાની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની નેમ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા દેશના ૫૫૧ સ્ટેશનના પુનઃવિકાસ અને ૧૫૦૦ રોડ ઓવરબ્રિજ અને અંડરપાસનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. 'વિશ્વના સૌથી મોટા રેલવે સ્ટેશન પુનઃ વિકાસ કાર્યક્રમ' હેઠળ આજે રાજકોટ રેલવે ડિવિઝનના ૧૨ સ્ટેશનના પુનઃવિકાસનુંખાતમુહૂર્ત, ૧૧ રોડ ઓવરબ્રિજ-અંડરપાસનો શિલાન્યાસ અને ૯ રોડ-અંડરપાસના કામોનું લોકાર્પણ કરાયું હતું. આ તકે પ્રાસંગિક સંબોધનમાં સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયાએ રાજકોટ ડિવિઝનના ૧૨ રેલવે સ્ટેશનોના નવીનીકરણ માટે રૂ. ૧૮૧ કરોડ ફાળવવા બદલ રેલવે મંત્રી તેમજ કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. આને ઉમેર્યું હતું કે, રાજકોટમાં વર્તમાન રેલવે સ્ટેશનની સામેની બાજુએ આશરે રૂ. ૫૦ કરોડના ખર્ચે નવું રેલવે સ્ટેશન બનશે. જેનાથી બંને તરફથી લોકો રેલવે સ્ટેશનમાં આવી શકશે. આ સાથે આજે લોકર્પિત, ખાતમુહૂર્ત થનારા રેલવેના વિવિધ પ્રકલ્પોથી રેલવે મુસાફરોને વધુ સગવડ અને સુવિધા પ્રાપ્ત થશે. સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે દેશને છેલ્લા દશ દિવસમાં ૧ લાખ કરોડથી વધુના વિકાસ કાર્યોની ભેટ મળી છે. વડાપ્રધાનશ્રીએ વિવિધ યોજના દ્વારા નાગરિકોના જન્મથી મૃત્યુ સુધીની દરેક તબક્કે સહાય કરી છે. આજે ભારતમાં ૫૦ કરોડ જન ધન ખાતા અને ૫૫ કરોડ લોકોને આયુષ્માન યોજના હેઠળ સાંકળવામાં આવ્યા છે. વિશ્વના વિકસિત દેશો જેવી સેવાઓ આપણા નાગરિકોને મળી રહી છે ત્યારે વડાપ્રધાનશ્રીના આઝાદીના ૧૦૦ વર્ષે વિકસિત ભારતના સ્વપ્નને પૂર્ણ કરવામાં તમામ નાગરિકો પણ જોડાય તેવી સાંસદશ્રીએ અપીલ કરી હતી. વિશ્વના સૌથી મોટા રેલવે સ્ટેશન પુનઃ વિકાસ કાર્યક્રમમાં રાજકોટ રેલવે ડિવિઝન પણ જોડાયું હતું. રાજકોટ રેલવે સ્ટેશન પર વડાપ્રધાનશ્રીના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. પાના નં. ૨ પર પાના નં. ૨ આ કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત કરતા ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રાજકોટ ડિવિઝનના ૧૨ સ્ટેશનોનો રૂ.૧૮૧.૪૨ કરોડના ખર્ચે પુનઃવિકાસ કરવામાં આવશે. જેમાં રાજકોટ, જામનગર, મોરબી, વાંકાનેર, ભાટિયા, ખંભાળિયા, દ્વારકા, હાપા, પડધરી, કાનાલુસ, થાન અને ઓખા સ્ટેશનનો સમાવેશ થાય છે. આ યોજના હેઠળ રાજકોટના રેલવે સ્ટેશનનો આશરે રૂ. ૫૦ કરોડના ખર્ચે પુનઃ વિકાસ કરાશે. આ સાથે ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે રાજકોટ ડિવિઝનના ખંઢેરી, ખંભાળિયા, ઓખામઢી, પીપલી, હાપા, જામવંથલી, સિંધાવદર, વની રોડ, મોડપુર, ચણોલ, હડમતિયા, લીલાપુર, જગડવા અને લાખામાંચીમાં ૧૧ રોડ ઓવરબ્રિજ અને અંડરપાસનું ખાતમુહૂર્ત અને ૯ રોડ-અંડરપાસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તમામ ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ પાછળ આશરે રૂ.૧૭૫.૨૫ કરોડ જેટલો ખર્ચ થયો છે. તેમણે કહ્યું હતું કે, રેલવે સ્ટેશનના આધુનિકરણ અને સુવિધાઓને ઉત્તમ બનાવવાના હેતુ સાથે ભારત સરકારે મોડ્યુલર કન્સેપ્ટ પર વિશ્વસ્તરીય રેલવે સ્ટેશનના નિર્માણની પરિયોજના શરૂ કરી છે. જે અંતર્ગત રેલવે સ્ટેશનમાં વર્લ્ડ ક્લાસ બિલ્ડિંગ, બુકિંગ અને પાર્સલ ઓફિસ, લિફ્ટ, એસ્કેલેટર, કોન્સર્સ, એસી વેઈટિંગ રૂમ, અનુકૂળ પાર્કિંગ, આધુનિક કોચ માર્ગદર્શન ડિસ્પ્લે બોર્ડ, એનાઉસમેન્ટ સિસ્ટમ, વાઈ-ફાઈ, આધુનિક સીસીટીવી સિસ્ટમ, પૂરતી લાઈટિંગ વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ તકે સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા તથા સાંસદ શ્રી રામભાઈ મોકરિયા દ્વારા રેલવે સ્ટેશનના પુનઃ નિર્માણની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આરંભે શહેરની વિવિધ શાળાના બાળકોએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. રેલવે ડિવિઝન રાજકોટ દ્વારા રાજકોટ શહેરની ૭૫ શાળાઓમાં નિબંધ અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાંથી ૧૦ વિજેતા શાળાઓના બંને સ્પર્ધામાં વિજેતા ૬૦ બાળકોને આ તકે મહાનુભાવોના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ તકે સાંસ્કૃતિક કૃતિનું ઉત્તમ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને સાંસદ શ્રી રામભાઈ મોકરિયાએ રૂ. ૫૧૦૦નો રોકડ પુરસ્કાર આપીને બિરદાવ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી વિક્રમ પૂજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવિણ નિમાવત, અગ્રણીઓશ્રી મુકેશભાઈ દોશી, શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, શ્રી અશ્વિનભાઈ મોલીયા, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડો. માધવ દવે, સુશ્રી પૂજાબેન પટેલ, બોલબાલા ટ્રસ્ટના શ્રી જયેશ ઉપાધ્યાય તથા વિવિધ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



## અજિંક્ય રહાણેને ટીમ ઈન્ડિયામાં વાપસી કરવી મુશ્કેલ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

એક સમય એવો હતો જ્યારે અજિંક્ય રહાણે ટીમ ઈન્ડિયાની બેટિંગનો મહત્વનો ભાગ હતો. તે ટીમ ઈન્ડિયાના મિડલ ઓર્ડરનો આધારભૂત બેટ્સમેન હતો. પોતાની બેટિંગના દમ પર તેણે ભારતને ઘણી મેચો જીતાડી અને ઘણી મેચોમાં ભારતને હારથી બચાવી. આ જ કારણ હતું કે તે ટેસ્ટમાં ટીમનો કેપ્ટન પણ હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં જ્યારે ભારતે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કર્યો ત્યારે કોહલી પ્રથમ ટેસ્ટ મેચ રમીને પરત ફર્યો હતો. આવી સ્થિતિમાં રહાણેએ સુકાની સંભાળીને ટીમને શ્રેણીમાં જીત અપાવી હતી. પરંતુ હવે રહાણે ટીમની બહાર છે. અજિંક્ય રહાણેએ ગયા વર્ષે વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પર ટીમમાં હતો પરંતુ તે પછી તેને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. અને હવે રહાણેએ જે કર્યું છે તેના પરથી લાગે છે કે ટીમ ઈન્ડિયામાં તેનું પુનરાગમન અશક્ય છે. અજિંક્ય રહાણેના વર્તમાન ફોર્મને જોતા લાગે છે કે અજિંક્ય રહાણે મુંબઈની ટીમમાંથી પણ બહાર થઈ જશે. હાલમાં તે રણજી ટ્રોફીમાં મુંબઈની કેપ્ટનશીપ કરી રહ્યો છે. પરંતુ તેનું બેટ શાંત છે. તેના બેટમાંથી રન નથી આવી રહ્યા. આ કારણે તેના માટે મુંબઈની ટીમમાં પણ રહેવું ઘણું મુશ્કેલ છે. સ્થિતિ એવી છે કે મુંબઈના નંબર ૧૦ બેટ્સમેને આ સિઝનમાં અજિંક્ય રહાણે કરતાં એક દાવમાં વધુ રન બનાવ્યા.




### ટેસ્ટ ક્રિકેટને પ્રોત્સાહન આપવા ભારતીય બોર્ડ પગલું લઈ શકે છે

# ઈંગ્લેન્ડ સામે શ્રેણી જીતનારી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને બોનસ મળવાની શક્યતાઓ

### બીસીસીઆઈટેસ્ટ મેચ રમી રહેલા ખેલાડીઓના પગારમાં વધારો પણ કરી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ પર ઘણી વખત એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે તેઓ ટેસ્ટ અને ડોમેસ્ટિક ક્રિકેટને બદલે આઈપીએલપર વધુ ધ્યાન આપે છે. હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ટેસ્ટ ફોર્મેટને પ્રોત્સાહન આપવા માટે મોટું પગલું ભરી શકે છે. મળેલા અહેવાલો મુજબ બીસીસીઆઈટેસ્ટ મેચ રમી રહેલા ખેલાડીઓના પગારમાં વધારો કરી શકે છે. આ સાથે તમામ સીરિઝમાં રમનારા ખેલાડીઓને બોનસ પણ મળી શકે છે. મળેલા અહેવાલો મુજબ આઈપીએલ ૨૦૨૪ પછી બીસીસીઆઈટેસ્ટ ખેલાડીઓના પગારમાં વધારો કરી શકે છે. બીસીસીઆઈદરેક ટેસ્ટ સીરિઝમાં રમનારા ખેલાડીઓને બોનસ પણ આપી શકે છે. બોર્ડ મહત્વના કારણસર આ ફેરફાર કરવા માંગે છે.

આઈપીએલમાં ફિટ રહેવા માટે ઘણા ખેલાડીઓ રણજી ટ્રોફી અને ડોમેસ્ટિક મેચો છોડી રહ્યા છે. હાલમાં જ ઈશાન કિશન આને લઈને ચર્ચામાં હતો. અહેવાલો અનુસાર બીસીસીઆઈની વિનંતી છતાં ઈશાન ઝારખંડ માટે મેચ રમ્યો ન હતો. શ્રેયસ અય્યર પણ રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલ મેચ છોડી ગયો હતો. બીસીસીઆઈહાલમાં એક ટેસ્ટ મેચ માટે ખેલાડીઓને ૧૫ લાખ રૂપિયા આપે છે. વર્ષ ૨૦૧૬માં તેમનો પગાર બમણો કરવામાં આવ્યો હતો. જ્યારે ખેલાડીઓને એક વન-ડેમેચ માટે ૬ લાખ રૂપિયા મળે છે. ટી૨૦ મેચ માટે ખેલાડીઓને ૩ લાખ રૂપિયા પગાર મળે છે. ભારતીય ટીમના ખેલાડીઓને તેમના ગ્રેડ પ્રમાણે વાર્ષિક પગાર પણ આપવામાં આવે છે. જણાવી દઈએ કે આઈપીએલ ૨૦૨૪ પછી ખેલાડીઓનો પગાર વધી શકે છે. ભારતીય ટીમ હાલ ઈંગ્લેન્ડ સામે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમી રહી છે.

### નેપાળમાં ટી૨૦ ટ્રી સિરિઝમાં નામીબિયાના બેટરની કમાલ

## નિકોલ લોફ્ટી ઈટને નેપાળ સામે માત્ર ૩૩ બોલમાં ટી૨૦ની સૌથી ઝડપી સદી ફટકારી

### નિકોલ લોફ્ટી ઇટન ટી૨૦આઈમાં ૪૦થી ઓછા બોલમાં સદી ફટકારનાર સાતમો બેટર બની ગયો

। (એજન્સી) કાઠમંડુ, તા.૨૭ ।

નેપાળમાં રમાઈ રહેલી ટી૨૦આઈટ્રાઇ સીરિઝમાં નામીબિયાના બેટર નિકોલ લોફ્ટી ઈટને નેપાળ સામે માત્ર ૩૩ બોલમાં સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તે ટી૨૦આઈમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટર બની ગયો છે. તેણે નેપાળના ક્રિકેટર કુશલ મલ્લાનો રેકોર્ડ તોડી દીધો છે. કુશલ મલ્લાએ ગયા વર્ષે મંગોલિયા સામે એશિયન ગેમ્સમાં ૩૪ બોલમાં સદી ફટકારી હતી. જોન નિકોલ લોફ્ટી ઈટને ૩૬ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી ૧૦૧ રન બનાવ્યા હતા. તેની ઈનિંગની મદદથી નામિબિયાએ ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. નિકોલ લોફ્ટી ઈટન ટી૨૦આઈમાં ૪૦થી ઓછા બોલમાં સદી ફટકારનાર સાતમો બેટર બની ગયો છે. ગયા વર્ષે એશિયન ગેમ્સમાં સદી ફટકારીને કુશલ મલ્લાએ સાઉથ આફ્રિકાના દિગ્ગજ ડેવિડ મિલર, ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્મા અને ચેક રિપબ્લિકના સુદેશ વિક્રમસેકરાનો રેકોર્ડ તોડ્યો હતો.



### સ્ટાર પેસ બોલરે ઘૂંટીનું ઓપરેશન કરાવ્યું

## મેદાન પર પાછો ફરવા ખૂબજ ઉત્સુક છું : મોહમ્મદ શમી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

મોહમ્મદ શમી ઈજાના કારણે ભારતીય ટીમની બહાર છે અને વર્લ્ડકપ બાદથી જ ચાહકો મેદાનમાં તેની વાપસીની રાહ જોઈ રહ્યા છે, પરંતુ શમી ઈજાના કારણે હજુ સુધી પરત ફરી શક્યો નથી અને ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ટેસ્ટ સીરિઝમાંથી પણ બહાર છે. આ દરમિયાન એવા સમાચાર આવ્યા હતા કે શમી બાકીની ત્રણ ટેસ્ટ મેચમાં રમી શકે છે, પરંતુ ત્યાં સુધી સમાચાર આવ્યા કે શમીને ઓપરેશન કરાવવું પડશે, શમી પગની ઘૂંટીની ઈજાને કારણે પરેશાન હતો, જેનું હવે સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું છે. આ માહિતી શમીએ સોશિયલ મીડિયામાં તસવીરો શેર કરીને આપી છે. સફળ સર્જરી વિશે માહિતી આપતા શમીએ કહ્યું કે તે સ્વસ્થ થઈ રહ્યો છે. શમીના કહેવા પ્રમાણે, તેને સંપૂર્ણ સ્વસ્થ થવામાં થોડો સમય લાગશે, પરંતુ તેને ક્રિકેટના મેદાનમાં વાપસી કરવાનો વિશ્વાસ છે.



### સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાને આરબીઆઈતરફથી મોટો ઝટકો

## નિયમનકારી ધોરણોના ઉલ્લંઘન બદલ દેશની ત્રણ બેંકોને દંડ

। નવી દિલ્હી, તા.૨૭ ।

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને આરબીઆઈતરફથી મોટો ઝટકો લાગ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) પર ૨ કરોડ રૂપિયાનો દંડ લગાવ્યો છે. રિઝર્વ બેંકે કેનેરા બેંક અને સિટી યુનિયન બેંક પર પણ દંડ લગાવ્યો છે. કેનેરા બેંક પર ૩૨.૩૦ લાખ રૂપિયાનો અને સિટી યુનિયન બેંક પર ૬૬ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે સોમવારે જાહેર કરેલા સત્તાવાર નિવેદનમાં કહ્યું હતું કે આ બેંકો પરના નિયમનકારી ધોરણોના ઉલ્લંઘનને કારણે આ ત્રણે બેંક સામે કાર્યવાહી કરવામાં આવી છે. આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે નિયમનકારી અનુપાલનમાં ખામીઓ માટે દંડ લાદવામાં આવ્યો છે. તેને બેંક અને ગ્રાહકો વચ્ચેના વ્યવહાર અથવા કરાર સાથે કોઈ લેવાદેવા નથી, તેથી આરબીઆઈની આ કાર્યવાહીની ગ્રાહકો પર કોઈ અસર નહીં થાય.

આરબીઆઈએ જણાવ્યું છે કે એસબીઆઈપર ડિપોઝિટર એજ્યુકેશન અવેરનેસ ફંડ સ્કીમ, ૨૦૧૪ સંબંધિત કેટલાક નિયમોના ઉલ્લંઘન બદલ રૂ. ૨ કરોડનો દંડ લાદવામાં આવ્યો છે.

## બિઝનેસ ફ્રેન્ડલી મહારાષ્ટ્ર-ગુજરાતમાં ટેક અને સ્ટાર્ટઅપ ફંડિગમાં ઘટાડો

। નવી દિલ્હી, તા.૨૭ ।

દેશમાં યુવાનો ફરી વેપાર અને ધંધા તરફ વળવા માગે છે. કેન્દ્ર સરકાર પણ સ્ટાર્ટ અપ્સ ફંડિંગ કરે છે, પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત જે રાજ્યો બિઝનેસ માટે સારા માનવામાં આવે છે ત્યાં પણ ટેકનોલોજી રિલેટેડ સ્ટાર્ટ અપ્સને ફંડ મળવાનું ઘટી ગયું છે અને આ ઘટાડો નાનો-સૂનો નહીં પણ ૬૦થી ૭૦ ટકાનો છે, તેમ એક અહેવાલ જણાવે છે. અહેવાલ અનુસાર ટોચના બિઝનેસ-ફ્રેન્ડલી ભારતીય રાજ્યોમાં ટેક સ્ટાર્ટઅપ્સમાં ફંડિંગમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે, ખાનગી માર્કેટ રિસર્ચ માટેના ડેટા ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મે આ મહિને રજૂ કરેલા અહેવાલમાં જણાવ્યું છે. તેલંગાણા, મહારાષ્ટ્ર, દિલ્હી એનસીઆર, ગુજરાત, તમિલનાડુ, કર્ણાટક અને કેરળના ટેક સ્ટાર્ટઅપ ડેટાનું વિશ્લેષણ કરતા બેંગલુરુ સ્થિત સંશોધન કંપની ટ્રેકઝેન ટેક્નોલોજીસ લિમિટેડઅનુસાર કે કેરળ સિવાય અન્ય રાજ્યોમાં ભંડોળમાં ૬૧% થી ૮૫% ની વચ્ચે ઘટાડો નોંધાયો છે. ભારત સરકાર નવી અને ઉભરતી ટેક્નોલોજીમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવા ઘણા સારા લાભ આપે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ કરીને ટિયર ૨ અને ૩ શહેરોમાં પ્રોત્સાહિત કરવા ઈચ્છે છે.



ટેક સ્ટાર્ટઅપ એટલે એવી કંપનીઓ જેનો હેતુ ટેકનોલોજી ઉત્પાદનો અથવા સેવાઓને બજારમાં લાવવાનો છે. આ કંપનીઓ નવી ટેક્નોલોજી ઉત્પાદનો અથવા સેવાઓ અથવા વર્તમાન તકનીકી ઉત્પાદનો અથવા સેવાઓને નવી રીતે લોકો માટે બજારમાં લાવે છે.મોટાભાગના શિક્ષિત અને પ્રગતિશીલ રાજ્યોમાં અગાઉ આવા સ્ટાર્ટ અપ્સ યુવાનોને આકર્ષી રહ્યા હતા. અને ઘણા યુવાનોએ આમાં ઝંપ લાવી સારી આવક પણ ઊભી કર્યાના ઉદાહરણો છે. જોકે હવે તેના ફંડિગમાં ઘટાડાનો અહેવાલ છે.

## દેશના સૌથી વૃદ્ધ નેતા શફીકુર રહેમાન બર્કનું ૯૩ વર્ષની વયે નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દેશના સૌથી વૃદ્ધ અને સમાજવાદી પાર્ટીના સાંસદ શફીકુર રહેમાન બર્કનું ૯૩ વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની વધુ તબિયત બગડવાને કારણે મુરાદાબાદની ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. બર્કના નિધનથી સમાજવાદી પાર્ટીના કાર્યકરોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.દેશમાં આ વર્ષે સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે ચૂંટણી પહેલા જ સપા અને અખિલેશ યાદવને મોટો ઝટકો લાગ્યો છે. નોંધનીય છે કે શફીકુર રહેમાન બર્કને લોકસભાની ચૂંટણી ૨૦૨૪ માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. શફીકુર રહેમાન બર્ક ચાર વખત ધારાસભ્ય અને પાંચ વખત સાંસદ રહી ચુક્યા છે.



## બે માસ બાદ પણ જાપાનના ૧૦૦૦૦થી વધુ ભૂકંપગ્રસ્તો શરણાર્થી કેમ્પમાં

। (એજન્સી) ટોક્યો, તા.૨૭ ।

જાપાનના મધ્યભાગમાં નોતો પ્રાયદ્વીપમાં ૧ જાન્યુઆરીના રોજ એક શકિતશાળી ભૂંકપ આવ્યો હતો. હચમચાવી દે તેવા આ ભૂકંપને ૨ મહિના જેટલો સમય પસાર થયો હોવા છતાં ૧૦૦૦૦ થી વધુ લોકો શરણ સ્થળોએ આશ્રય લેવા મજબૂર છે. જાપાની મીડિયાના જણાવ્યા અનુસાર ઈશિકાવા પ્રિફેકચરમાં ભુકંપગ્રસ્ત મકાનોની સંખ્યા વધીને ૭૫૬૬૧ થઈ છે. આ ભૂકંપ પ્રભાવિત પ્રીફેકચરમાં કાટમાળ દૂર કરીને, પાણી પુરવઠો તથા અસ્થાયી આવાસ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જો કે મુખ્ય તો નોતો ક્ષેત્રમાં અંદાજે ૨૧૮૮૦ મકાનો તથા કારખાનાઓ વગેરેમાં હજુ પણ પાણી વિતરણનો જથ્થો પહોંચતો નથી. ભુકંપ પ્રભાવિત લોકોને સતત મદદ આપતા રહેવું એક પડકાર બની ગયો છે. ગત રવીવારે યુનિવર્સિટીના સ્ટુડન્ટસના એક સ્વયંસેવી સમૂહે સુઝુ શહેર નજીક આવેલા એક આશ્રય સ્થળની મુલાકાત લીધી હતી.

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનું ૧૦ માર્ચે ૧૦ મિનિટ ભારત બંધનું એલાન

### બંધ દરમિયાન લોકો ઘરની બહાર નીકળીને માતા ગાયના નામ પર ૧૦ મિનિટ સુધી ભજન કરશે

। (એજન્સી) વારાણસી, તા.૨૭ ।

ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કાશીમાં મોટું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા ૭૫ વર્ષમાં અમે ઘણી બધી સરકારો જોઈ છે પરંતુ આજ સુધી ગૌ હત્યા પર પ્રતિબંધ લાદવામાં નથી આવ્યો. દુર્ભાગ્યપૂર્ણ છે કે જે દેશમાં ગીતા, ગાય અને ગંગાને માતાનો દરજ્જો આપવામાં આવે છે ત્યાં આજ સુધી ગૌ હત્યા રોકવા માટે કોઈ કડક કાયદો બનાવવામાં નથી આવ્યો. તેથી ગાય માતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો અપાવવા માટે અમે પદયાત્રા કરીશું અને ગૌહત્યાના વિરોધમાં ૧૦ માર્ચે સવારે ૧૦:૦૦ વાગ્યાથી આગામી ૧૦ મિનિટ માટે ભારત બંધનું એલાન પણ કરવામાં આવ્યું છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, ગાય આપણી માતા છે અને તેની સાથે અમાનવીય વ્યવહાર બંધ નથી થયો. જેના કારણે અમે તમામ સંતો અને હિન્દુ સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગાય માતાને રાષ્ટ્ર માતાનો દરજ્જો અપાવવા માટે અમારો સંઘર્ષ સતત ચાલુ છે, અમે આ માટે પદયાત્રા પણ કાઢી રહ્યા છીએ. આ ઉપરાંત એક મોટું એલાન કરવા માંગીએ છીએ કે, ૧૦મી માર્ચે સવારે ૧૦:૦૦ વાગ્યે ૧૦ મિનિટ માટે ભારત બંધ રહેશે. આ દરમિયાન લોકો ઘરની બહાર નીકળીને માતા ગાયના નામ પર ૧૦ મિનિટ સુધી ભજન કરશે. અમે દેશના કોઈપણ પ્રકારના આર્થિક નુકસાનના પક્ષમાં નથી તેથી આ વિરોધ રૂપી આ ભારત બંધ માત્ર ૧૦ મિનિટ ચાલશે. આ માટે તેમણે દરેકને આગળ આવવાનું આહવાન કર્યું છે.




નવી દિલ્હીમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇમ્યુનોલોજી ખાતે વિજ્ઞાન અને ટેક્નોલોજી, વડાપ્રધાન કાર્યાલય, કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન, અણુ ઊર્જા અને અવકાશ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો), ડો. જીતેન્દ્ર સિંહે વિભાગના સ્થાપના દિવસના કાર્યક્રમ દરમિયાન જીનોમ ઈન્ડિયા ડાયજેસ્ટ અને ડીબીટી કોફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું.

## સેન્સેક્સમાં ૩૦૫ અને નિફ્ટીમાં ૭૬ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો



। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

શેરબજારનો કારોબાર મંગળવારે સારી નોંધ પર સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૩૦૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૩૦૯૫ પોઈન્ટ પર જ્યારે નિફ્ટી ૭૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૨૧૯૮ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. શેરબજારના કામકાજમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે અને નબળાઈ પર ખુલ્યા બાદ શેરબજારમાં સારી રિકવરી નોંધાઈ છે. શેરબજારના ઘણા નિષ્ણાતોએ કહ્યું છે કે જો તમે શેરમાં મોટા ઘટાડાની અપેક્ષા રાખતા હોવ તો તે શક્ય નથી. શેરબજારના નિષ્ણાતોનું કહેવું છે કે બજાર ઓવરવેલ્યુડ સ્થિતિમાં હોવા છતાં બજારમાં કરેક્શનની કોઈ શક્યતા નથી. મંગળવારે નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ સેક્ટરલ ગેનર તરીકે ટોચ પર હતો. મંગળવારે વોડાફોન આઈડિયાના શેરમાં ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો જ્યારે દેવયાની ઈન્ટરનેશનલના શેર ૬ ટકાની નબળાઈ સાથે બંધ થયા હતા. શરૂઆત બાદ શેરબજારમાં સારી વૃદ્ધિ નોંધાઈ રહી હતી. નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક સૂચકાંકો નજીવા ઊંચા સ્તરે બંધ રહેવામાં સફળ રહ્યા હતા જ્યારે મ્જીઈ સ્મોલ કેપ અને નિફ્ટી મિડકેપ ૧૦૦માં નબળાઈ નોંધાઈ હતી. મંગળવારે ટાટા મોટર્સના શેર ત્રણ ટકાના ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા જ્યારે ટીસીએસ, ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં પણ વધારો નોંધાઈ રહ્યો હતો. ભારતી એરટેલ, સન ફાર્મા અને સિપ્લાના શેર પણ મજબૂતી સાથે બંધ થયા હતા. શેરબજારની કામગીરીમાં નબળાઈ દર્શાવનારા શેરોની વાત કરીએ તો હીરો મોટોકોર્પ, બજાજ ફાઈનાન્સ, એસબીઆઈ, ડીવીઝ લેબ્સ, બજાજ ફિનસર્વ, યુપીએલ અને અદાણી એન્ટરપ્રાઈઝના શેરનો સમાવેશ થાય છે. ટાટા મોટર્સ, પાવર ગ્રીડ, સન ફાર્મા, સિપ્લા, મહિન્દ્રા, રિલાયન્સ અને એસબીઆઈ લાઈફના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી ગયા છે. ટાટા મોટર્સ, સિપ્લા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એસબીઆઈ લાઈફ અને ટાટા કન્ઝ્યુમરના શેર મંગળવારના વેપારમાં ભાવની કાર્યવાહીના સંદર્ભમાં ટોચના ૧૦ શેરોમાં હતા, જ્યારે બ્રિટાનિયા, ટાટા મોટર્સ, ઓએનજીસી, એચડીએફસી લાઈફ, પાવર ગ્રીડ, એસબીઆઈ લાઈફ અને સન ફાર્મા. વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી વધુ ટ્રેડેડ શેરોમાં સામેલ છે. મંગળવારે નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ ઈન્ડેક્સમાં પણ નબળાઈ નોંધાઈ હતી જ્યારે નિફ્ટી ફાર્મા અને નિફ્ટી એફએમસીજી સાથે નિફ્ટી ઑટો ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા હતા.

# તંત્રી લેખ...

## યુદ્ધ વચ્ચે સાઉદી અરેબિયાએ પેલેસ્ટિનિયનોને ટેકો આપ્યો

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધને આજે પણ ચાર મહિના થયા છે. ઈઝરાયેલના હુમલાને કારણે ગાઝામાં તબાહી મચી ગઈ છે, લોકોના ઘર જમીનદોસ્ત થઈ ગયા છે, લોકો બેઘર થઈ ગયા છે અને ઘણા લોકો આ દુનિયા છોડીને ચાલ્યા ગયા છે. સમગ્ર વિશ્વની નજર આ યુદ્ધ પર ટકેલી છે. આરબ સહિત ઘણા દેશો આ યુદ્ધને ખતમ કરવા પ્રયાસ કરી રહ્યા છે. આ દરમિયાન સાઉદી અરેબિયાએ પેલેસ્ટાઈનને લઈને મોટો નિર્ણય લીધો છે. સાઉદી સરકારે ઉમરાહ કરવા ગયેલા પેલેસ્ટિનિયન નાગરિકોને તેમના દેશમાં રહેવાની મંજૂરી આપી છે. સાઉદી સરકારે પેલેસ્ટિનિયન હજયાત્રીઓને છ મહિનાની રેસિડન્સ પરમિટ આપવાની જાહેરાત કરી છે, જેના પછી ઉમરાહ માટે જતા લોકો હવે સાઉદી અરેબિયામાં કોઈપણ મુશ્કેલી વિના રહી શકશે. વાસ્તવમાં ઘણા પેલેસ્ટિનિયન નાગરિકો ઉમરાહ કરવા માટે સાઉદી ગયા હતા. પરંતુ હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે તેઓ પરત ફરી શકતા નથી. ઈઝરાયેલની સેનાએ ગાઝા પર કબજો જમાવ્યો છે, અહીં સતત હુમલા થઈ રહ્યા છે જેના કારણે ઉમરાહ માટે ગયેલા પેલેસ્ટિનિયન યાત્રીઓ પોતાના ઘરે પરત ફરી શકતા નથી. આવી સ્થિતિમાં સાઉદીએ નાગરિકોની મદદ કરવાનું નક્કી કર્યું અને તેમના માટે છ મહિનાની રેસિડન્સ પરમિટ જારી કરી. પેલેસ્ટાઈનના વિદેશ મંત્રાલયે સાઉદી સરકારના આ નિર્ણય પર સાઉદી કિંગ સલમાન બિન અબ્દુલ અઝીઝ અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનનો આભાર વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતી વખતે મંત્રાલયે ગાઝાના હજયાત્રીઓને મદદ કરવા બદલ સાઉદી સરકારનો આભાર માન્યો છે. તમને જણાવી દઈએ કે સાઉદી અરેબિયા પેલેસ્ટાઈનીઓને સતત મદદ કરી રહ્યું છે. ગાઝામાં તબાહી વચ્ચે સરકારે ઘણી વખત રાહત સામગ્રી પહોંચાડી છે. જેમાં ખાણી-પીણી અને દવાઓ સહિત તમામ જરૂરી વસ્તુઓનો સમાવેશ થાય છે. સાઉદી સરકાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે. આ સાથે અમેરિકા પણ આ યુદ્ધને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન ૧૨૦૦ થી વધુ લોકોના મોત થયા હતા. આતંકવાદીઓએ મહિલાઓ અને બાળકો સહિત ઈઝરાયલી નાગરિકોને પણ બંધક બનાવ્યા હતા. ત્યારથી ઈઝરાયેલ સતત હમાસના સ્થાનોને નિશાન બનાવી રહ્યું છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વિશેષ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ,કલોલ મેડીકલ કોલેજ ઉદઘાટન સમારોહ યોજાયો

**ભારતના યુવાનોને વિશ્વ સાથે સ્પર્ધા કરવાનો મંચ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં વધારો અને સ્ટાર્ટઅપ જેવી સુવિધાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂરો પાડ્યો છે**




। (માહીતી) ગાંધીનગર ।

શ્રી સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ દ્વારા આયોજિત ૩૦મો વાર્ષિક મહોત્સવ અને સ્વામિનારાયણ મેડીકલ કોલેજ ઉદઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સભા સંબોધન કરતા અમિતભાઈ શાહએ જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં જન્મયા અને તેમણે ગુજરાતને કર્મભૂમિ બનાવી હતી. દરેક ઘરમાં ભક્તિભાવ અને સંસ્કારનું સિંચન કરવાનું ઉમદા કાર્ય સ્વામિનારાયણ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું છે. સમાજમાં વ્યસનમુક્તિ સાથે સાથે શિક્ષણનો વ્યાપ વધારવાનું ઉમદા કાર્ય ૬૦ના દશકથી ગુરુકુલના માધ્યમથી આ સંસ્થા કરી રહી છે. ગરીબ, છેવાડા અને પહાડી વિસ્તારમાં રહેતા વનવાસી બાળકોને શિક્ષણ આપીને ભક્તિ અને સંસ્કૃતિ તરફ દોરી સારા નાગરિક બનાવવાનું કામ પણ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સુંદર રીતે થઈ રહ્યું છે. ઉપરાંત સમાજમાં સજ્જન શક્તિનો સંગ્રહ કરવાના કામ સાથે શિક્ષણ, આરોગ્ય વ્યસન મુક્તિ, સામાજિક દુષણોને દૂર કરવા જેવા અનેક જન કલ્યાણના કામોને આ સંસ્થાએ પ્રાધાન્ય આપ્યું છે. અહીં કલોલ ખાતે આરોગ્ય સેવા વધુ સર્દઢ બનાવવા માટે કોલેજનું નિર્માણ કરવામાં આવ્યું છે. એટલું જ નહીં પણ તેની સાથે આસપાસના ગરીબ લોકોને આરોગ્ય સેવા આપવા માટે ખાસ એમ્બ્યુલન્સ સેવાની શરૂઆત કરવામાં આવી છે. આ સરકારના શાસનમાં આરોગ્ય સેવાને પ્રધાન્ય આપવામાં આવ્યું છે, તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારમાં મેડિકલ સેવા વધારવાનું કામ ૧૦ વર્ષમાં ખૂબ ઝડપથી થયું છે. સિત્તેર વર્ષમાં ૭ એઈમ્સ હોસ્પિટલ બની હતી. ૧૦ વર્ષમાં ૨૩ એઈમ્સ હોસ્પિટલ બની છે. દેશમાં ૩૮૭ કોલેજથી વધારીને ૭૦૬ મેડિકલ કોલેજ બનાવવામાં આવી છે. ૫૧ હજાર એમ.બી.બી એસ.ની સીટ વધારીને ૧ લાખથી વધુ કરવામાં આવી છે. ૩૧ હજાર જેટલા એમ.ડી, એમ.ડી. એસ ડિગ્રી લઈને દર વર્ષે બહાર આવતાં હતા. તે સીટો આજે ૭૦ હજાર કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણના સ્તરે આઇ.આઇ.ટી, આઈ. એ. એમ,આઈ. આઈ.એસ.સી.આર. જેવી શિક્ષણની સંસ્થાઓને વિશ્વ કક્ષાની બનાવવામાં આવી છે. દેશના યુવાનોને વિશ્વના યુવાનો સાથે સ્પર્ધા કરવાનો મંચ આવી સંસ્થાઓ થકી આપવામાં આવી રહ્યો છે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં ૧૧ ટકાની વૃદ્ધિ થઈ છે. ૩૧૬ થી ૪૮૦ પબ્લિક યુનિવર્સિટી બની છે. ૩૮ હજાર કોલેજ થી ૫૩ હજાર કોલેજ બનાવવાનું કામ પ્રધાનમંત્રીશ્રીના કાર્યકાળમાં થયું છે, એમ તેમણે જણાવ્યું હતું.

**ગુંડાગીરી તો રોજ કોઇને કોઇ રૂપમાં બહાર આવતી, કોઇને કોઇ તેના સાથીઓ તેને બચાવી લેતાં**

# સમાજમાં શાંતિ માટે "મને શી ખબર!!" તે એક તકીયા કલામને મેં તોડવો બહુ જરૂરી છે





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે દેશના અર્થતંત્રની ખામી કાઢીએ, કે પછી ન્યાયતંત્ર બરોબર કામ નથી કરતું, એવી વાત કરતાં હોઇએ છીએ! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે અન્ય ખામીઓ આપણે તરત કાઢી શકીએ છીએ પણ જ્યારે ફરજ નિભાવવાનો વારો આવે ત્યારે આપણે પીછેહટ કરવામાં જ માનીએ છીએ**

આપણે સૌ વારે ઘડીએ મોકો મળે ત્યારે દેશના અર્થતંત્રની ખામી કાઢીએ છીએ, કે પછી ન્યાયતંત્ર બરોબર કામ નથી કરતું, એવી વાત કરતાં હોઈએ છીએ! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે અન્ય ખામીઓ આપણે તરત કાઢી શકીએ છીએ પણ જ્યારે ફરજ નિભાવવાનો વારો આવે ત્યારે આપણે પીછેહટ કરવામાં જ માનીએ છીએ. એ ઉપરથી કહીં શકાય છે સમાજની અવ્યવસ્થા કે અશાંતિ માટે આપણે પણ જવાબદાર છીએ. આવો જ એક કિસ્સો આજે બુધવાર બોધકથા માં આપણે જોઈએ. મંજુ જોતો આ બાહર શેનો દેકારો થાય છે??, મંજુ એ જોયા વગર જ કહ્યું કે,એ તો શેરીના નાકે પોલીસ આવી હતી અને આ બધાએ કહ્યું "કે મને શી ખબર!!" એટલે ચાલી ગઈ. રોજનું થયું છે હો બેનબા! પેલો રતનસિંહ ગુંડાગીરી માંથી બાજ આવતો નથી ,અને વારે ઘડીએ તેની ખિલાફ કમ્પ્લેન થાય, એટલે આપણા મહોલ્લામાં રહેતો હોવાથી, પોલીસ અહીં આવે. પણ આજે શું કર્યું હતું તેણે? એવું મેં પૂછ્યું. એ તો કંઈ નહીં પેલી નવી પત્રકાર આવી છે ને રેવા મહેતા, તેણે તેના દેશી દારૂના અડ્ડાઓ પકડી પાડ્યાં, અને પોલીસમાં ફરિયાદ કરી હતી, એટલે પોલીસ આવી હતી. પણ આપણાં મહોલ્લોનાં લોકોને તો તમે ઓળખો છો ને!, કોઈને કંઈ રસ નથી વિકાસમાં, જે થતું હોય તે થાવા દ્યો.

પોતાના ઘર હપ્તાથી અને લાંચ રૂશ્વતથી, ભરાતા હોય એટલે પોલીસો પણ કંઈ કરતા નથી. બસ આવીને ખાલી કંપ્લેન હોય એટલે જીપ લઈને આવી જાય. સાચી વાત છે તારી, એમ કર કે રેવાને ઘરે જઈને કહીં આવ કે સાંજે મળવા આવે, કહેજે દીદીને તમારું કામ છે, એમ ખાસ કહેજે. મંજુ રેવાનાં ઘરે જઈને કહી આવી કે, સાંજે ચા પાણી પીવા માટે દીદી એટલે કે કામિનીબેન એ તમને બોલાવ્યા છે. સાંજના પાંચ વાગ્યા એટલે રેવા આવી. રેવા એક સુંદર મજાની ૨૬ વર્ષની યુવતી હતી. મેં તેને આવકારી અને અમે દીવાનખંડમાં બેઠાં. મેં તેનાં ફેમિલી વિશે પૂછ્યું. રતનસિંહ વિશે પણ કહ્યું કે, તે મહોલ્લાનો સૌથી ઉતાર એટલે કે મવાલી જેવો છોકરો છે, અને તું નાહકની એને આડી આવીશ તો તે તારી જિંદગી બરબાદ કરી નાખશે. પણ તેણે કહ્યું દીદી આવી બીકથી જ આવા મવાલી તત્વોને પ્રોત્સાહન મળતું હોય છે, અને તે સમાજમાં બેરોકટોક ઈજ્જતથી જીવતા હોય છે. અન્યાયને હાથે કરીને અણદેખ્યો કરવો તે અન્યાય કરવા જેટલું જ ખરાબ છે. હું એમ મારી નજર સામે ઘટતી આ ઘટનાઓને કેમ નજર અંદાજ કરી શકું? મારુ આ પ્રોફેશનમાં એટલે કે પત્રકારત્વમાં આવવાનું આ એક મોટું કારણ છે કે, મારી નાની બહેન એટલે કે તેજલને આવી જ રીતે એક મવાલી એ હેરાન કરી હતી,અને પછી તેણે આત્મહત્યા કરી લીધી હતી. હું મક્કમ છું! હું રતનસિંહને સજા કરાવીને જ રહીશ. બીજી થોડી ઘણી ઔપચારિક વાત કરીને રેવા તો ચાલી ગઈ. મારા મનમાં એક અજબનો ઉત્પાત મૂકીને ગઈ, હું એટલે કે કામિની દેસાઈ એક સ્કૂલમાં પ્રિન્સિપાલની સર્વિસ કરું છું, અને મારા પતિ એટલે કે પ્રભાત દેસાઈ એક સામાયિકના એડિટર હતા, અને તે એક પત્રકાર હતા. આ પત્રકારત્વ જ તેને મોંઘુ પડ્યુંને જીવનથી હાથ ખોઈ બેઠા. બરાબર આજથી એક વર્ષ પહેલાં મારી સ્કૂલમાં જ આ ઘટના ઘટેલી. મોટા મોટા ટ્રસ્ટી મંડળનાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓનાં છોકરાઓ અમારે ત્યાં ભણતાં, તેવો જ એક છોકરો કંદર્પ હતો. એક જાણીતી જ્વેલરી શોપનાં જમનાદાસનો દિકરો.

રૂપિયા પૈસાની કોઈ કમી ન હતી, અને તેમાં એકનો એક દીકરો. એટલે ખૂબ જ લાડમાં ઉછેર્યો, પણ આ લાડ તેને અવળે રસ્તે ચડાવી દીધો, અને તે ગુંડાગીરીની ગેંગનો એક સભ્ય બની ગયો. એક દિવસ તેને ગમતી એક છોકરી, એટલે કે મારી નાની બહેનની દીકરી કાવેરીની તેણે છેડતી કરી. હવે પ્રિન્સિપાલ હોવાને નાતે આખો કેસ મારી સામે આવ્યો. ટ્રસ્ટીનો દિકરો અને આ બાજુ મારી બેનની દીકરી, બંને પક્ષે સરખું દબાણ હતું. આ વાતની જાણ મારા પતિ પ્રભાતનેં થઈ, અને તેમણે કંદર્પ વિરુદ્ધ પુરાવાઓ એકઠા કર્યાને, તેને સગીર બાળાને છેડતી કરવાના કેસમાં પાંચ સાલની સજા કરાવવા માટે તે મક્કમ હતા. જમનાદાસ એક પહોંચેલો અઠંગ ખેલાડી હતો, તેને જાણ થતા તેણે અને કંદર્પે મળીને પ્રભાતને મારી નાખવાની ઘણી કોશિશો કરી. દર વખતે પ્રભાત બચી જતા, પણ તે એક ગોઝારી રાત્રે જયારે તેવો ઘરે પાછા ફરતા હતા ત્યારે, પાછળથી આવી અને તેના માથામાં એક જોરદાર ડંડો ફટકારી તેને સ્થળ ઉપર જ મૃત્યુ સાથે ભેટો કરાવી, અને તેઓ ચાલ્યાં ગયાં. અમે નિઃસંતાન હતાં, અને મારી પર જાણે આભ તૂટી પડયું હોય તે, રીતે હું નીસહાયને લાચાર બની ગઈ. કાવેરીને પણ પોતાના માટે થઈને માસાનું કત્લ થઈ ગયું તેવું લાગ્યું. તેવો આઘાત સહન ન થતા આત્મહત્યા કરી લીધી. મારા હાથ ટ્રસ્ટીઓએ બાંધી દીધા હતાં, એટલે મને શું કરવું તે સમજ પડતી નહોતી, અને પ્રિન્સિપાલની નોકરી છોડી દેવાનો નિર્ણય કર્યો. પણ સ્કુલની રેપ્યુટેશનનો સવાલ ઊભો થઈ જાય,અને ભણતાં વિદ્યાર્થીઓની કેરિયર પર પણ અસર થાય છે.આથી આ ટમ પૂરતું મારે કામ ચાલુ રાખવું, તેવો આ નિર્ણય તેઓનાં આગ્રહથી લીધો. આજે રેવાની વાતથી મારું અંતર હલબલી ગયું કે, માત્ર ૨૫, ૨૬ વર્ષની આ છોકરીમાં આટલી હિંમત ક્યાંથી આવી??

શું હું તે હિંમત દેખાડી શકું નહીં? કે પછી દરેકની જેમ મારે આખી જિંદગી એમ જ બોલવાનું છે કે "મને શી ખબર!!" " મને શી ખબર"અને મારો અંતરાત્મા આજે મને કંઈક કહી રહ્યો હતો. રતનસિંહની ગુંડાગીરી તો રોજ કોઈને કોઈ રૂપમાં બહાર આવતી, કોઈને કોઈ તેના સાથીઓ તેને બચાવી લેતાં.દરેક વખતે પોલીસ મહોલ્લામાં આવતી અને પૂછપરછ હતી. પણ કોઈ દિવસ કોઈના મોઢા માંથી "મને શી ખબર!!" સિવાય બીજો એક પણ શબ્દ નીકળ્યો નહીં. આજે પણ પોલીસ આવી હતી, જાલીનોટની અદલાબદલી નાં કેસમાં તે રંગેહાથ પકડાયો હતો.મંજુનો બડાબડાટ ચાલુ થયો, દીદી આ તો હવે રોજનું થયું આ મહોલ્લામાંથી, આપણે હવે બીજે રહેવા ચાલ્યા જઈએ. નહીં તો આ આપણા જીવનમાં કોઇક દિવસ આંધી લાવશે, અને મનોમન એક નિર્ણય લીધો, અને હું મારા રોજિંદા કાર્યમાં અટવાઈ ગઈ. મેં રાજીનામું આપ્યું અને પછી રતનસિંહ વિરુધ્ધ કોર્ટમાં ગવાહ બનવા માટે હું પોલીસ સ્ટેશન પહોંચી. ઈન્સ્પેક્ટરને બધી જ વાત કરી. સોગંદનામું કરીને મારી ગવાહીનુ લખાણ થયું, અને તેની ઉપર સહી-સિક્કા થયા, અને કોર્ટની તારીખ મને જણાવવામાં આવી. રતનસિંહનેં સજા થશે કે કેમ?? રેવા બચી જશે કે કેમ?

તે કોઈ જ વાતનો મને ખ્યાલ નથી, પણ મનમાં એક આત્મસંતોષ છે, કે મેં "મને શી ખબર!!!" તે એક તકીયા કલામને મેં તોડ્યો, અને સમાજમાં આવાં અસામાજીક તત્વો દ્વારા થતાં ગુનાઓ સામે હું "રેવા" જેવી બહાદુર છોકરીનો સાથ હંમેશા આપીશ. પછી તો રતનસિંહને સજા થઈ, અને મહોલ્લામાંથી પણ બીજા ઘણા લોકો આગળ આવ્યાં. મહોલ્લાની કાયમી ગંદકી જેવો, રતનસિંહ આજે જેલમાં છે. મેં અને રેવા એ મળી અને એક સ્ત્રી શાંતિનિકેતન નામની એનજીઓ સંસ્થા શરૂ કરી છે. જેમાં અમે આવા તત્વોથી સ્ત્રીઓનું રક્ષણ કરીએ છીએ. મિત્રો સમાજમાં ઘટતી આવી ઘટનાઓ રોજ-બ-રોજ જોઈને પણ આપણું અંતર જો "મને શી ખબર!!!" એવું કહેતું હોય તો તેને જરાક ટટોળો! બાકી આમને આમ જ સમાજ માંથી બુરાઈ કદીએ જશે નહીં, તે વાત ચોક્કસ છે. માટે એક ડગલું આગળ વધવું જ રહ્યું.

**પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે, ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે, વ્યવહારના સ્વરૂપનું છે**

# સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છેકે, તેનાથી ઘાટ ઘડી શકાય નહીં, ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે



વિશેષ
યશપાલસિંહ ડી. વાઘેલા (દરબાર ગઢ, ચરા)

**પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે,ઈશ્વરનો અપ રોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે.**

જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયોનો નિરોધ કરવાનો હોય છે. ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને પ્રભુમાર્ગમાં વાળવાની હોય છે. સુગંધની ઈચ્છા થાય, તો ઠાકોરજીને ફૂલ અર્પણ કરી પછી તેની સુવાસ લો. બ્રહ્મસંબંધને સતત ટકાવવાથી જીવાત્માનું જ્ઞાન દ્વૈતભાવથી ભરેલું છે. પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન અદ્વૈત ભાવથી ભરેલું છે કલ્યાણ થાય છે. ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ અદ્વૈત તત્ત્વ છે. વ્યવહારના સ્વરૂપનું છે. વ્યવહારના જ્ઞાનમાં જ્ઞાતા અને જ્ઞેય જુદા છે. પરમાત્માનું જ્ઞાન થાય એટલે જ્ઞાતા અને જ્ઞેય એક બને છે. સેવા સ્મરણ કરતાં તન્મયતા થાય છે, ઈશ્વરનો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે. તેથી તે જીવ ઈશ્વરમાં મળી જાય છે. તે પછી તે એમ કહી શકતો નથી કે હું ઈશ્વરને જાણું છું. એમ કહી શકતો નથી કે, હું ઈશ્વરને જાણતો નથી. પછી કંઈ કહેવાપણું રહેતું નથી. ગોપી સર્વમાં શ્રીકૃષ્ણને નિહાળી જીવભાવ ભૂલી ગઈ હતી. લાલાની લાલી જોવા ગઈ ને હું યે લાલ લાલ થઈ ગઈ. આ ગોપીઓનો મનોભાવ છે. આ શુદ્ધ અદ્વૈત છે,ત્યાં હું નથી કે તું નથી. હું કે તુંનું અસ્તિત્વ જ રહેતું નથી. શ્રીકૃષ્ણના સ્વરૂપનું જેને બરાબર જ્ઞાન થાય તે ઈશ્વરથી જુદો રહી શકતો નથી. સમ ઈશ્વરને જોનારો પોતે ઈશ્વર બને છે ત્યાં અદ્વૈત સધાય છે.જીવનો અને બ્રહ્મનું અદ્વૈત પછી સિદ્ધ થાય છે. તે પહેલાં જીવ અને ગુરુનું અદ્વૈત સિદ્ધ થવું જોઇએ. મનથી એક થવાનું છે, શરીરથી નહીં. ત્રીજા અધ્યાયમાં ચોવીસ અવતારોની કથા કહી છે. શુદ્ધ બ્રહ્મ માયાના સંસર્ગ વિના અવતાર લઈ શકે નહીં. સો ટચનું સોનું એટલું શુદ્ધ હોય છેકે,તેનાથી ઘાટ ઘડી શકાય નહીં. ઘાટ ઘડવા તેમાં બીજી ધાતુ ઉમેરવી પડે છે તેમ પરમાણ પણ માયાનો આશ્રય કરી પ્રગટ થાય છે, પણ ઈશ્વરને તે માયા બાધક થતી નથી, જીવને માથ બાધક થાય છે. ભગવાન પ્રત્યે પ્રેમ વધારવા ભગવાનના અવતારોની કથા સાંભળો. ધર્મનું સ્થાપન કરવા અને જીવોના ઉદ્ધાર કરવા પરમાત્મા અવતાર ધારણ કરે છે. ઠાકોરજીનો અવતાર તમારા ઘરમાં થવો જોઇએ,મંદિરમાં નહીં. માનવ શરીર એ ઘર છે, અને એજ મંદિર છે. પહેલો અવતાર સનતકુમારોનો, તે બ્રહ્મચર્યનું પ્રતીક છે.કોઈપણ ધર્મ માં બ્રહ્મચર્ય પ્રથમ આવે છે. બ્રહ્મચર્યથી મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર પવિત્ર થાય છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. પહેલું પગથિયું છે બ્રહ્મચર્ય.બીજો અવતાર વરાહનો. વરાહ એટલે વર. આહ એટલે શ્રેષ્ઠ દિવસ. જે દિવસે સત્કર્મ થાય તે દિવસ શ્રેષ્ઠ. સત્કર્મમાં લોભ નડે છે. લોભને સંતોષથી મારવો.



વરાહ અવતાર સંતોષનો અવતાર છે.પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો. લોભને મારી પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનવો, એ વરાહનું અવતારનું રહસ્ય છે. ત્રીજો અવતાર નારદજીનો એ ભક્તિનો અવતાર છે. બ્રહ્મચર્ય પાળે અને પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ રાખે, તેને નારદ એટલે ભક્તિ મળે. નારદજી ભક્તિના આચાર્ય છે. ચોથો અવતાર નર-નારાયણ નો. ભક્તિ મળે એટલે ભગવાનનો સાક્ષાત્કાર થાય. ભક્તિ દ્વારા ભગવાન મળે છે, પણ ભક્તિ જ્ઞાન-વૈરાગ્ય વિના દૃઢ થાય નહીં. ભક્તિ સાથે જ્ઞાન-વૈરાગ્ય જોઈએ એટલે પાંચમો અવતાર કિપલદેવનો એટલે કે જ્ઞાન-વૈરાગ્યનો.ભક્તિ જ્ઞાન- વૈરાગ્ય સાથે હશે, તો કાયમ ને માટે રહેશે. છઠ્ઠો અવતાર દત્તાત્રેયનો. ઉપરના પાંચ ગુણો બ્રહ્મચર્ય, સંતોષ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તમારામાં આવશે, તો તમે ગુણાતીત થશો. તમે આત્ર થશો તો ભગવાન તમારે ત્યાં આવશે. ઉપરના છ અવતારો બ્રાહ્મણ માટે ના. તે બ્રાહ્મણ ધર્મનો આદર્શ બતાવે છે. સાતમો અવતાર યક્ષનો આઠમો અવતાર ઋષભદેવનો, નવમો પૃથુરાજાનો,દસમો મત્સર નારાયણનો.આ ચાર અવતારો ક્ષત્રિયો માટેના છે.તે ક્ષાત્ર ધર્મનો આદર્શ બતાવે છે. અગિયારમો અવતાર કૂર્મનો. બારમો અવતાર ધન્વંતરીનો, તેરમો અવતાર મોહિની નારાયણ નો. આ અવતાર વૈશ્ય માટેના છે. ચૌદમો અવતાર નૃસિંહ ભગવાનનો, એ પુષ્ટિનોઅવતાર છે. પ્રહલાદ ઉપર કૃપા કરી છે. પ્રહલાદ જેવી દૃષ્ટિથી જુઓ તો થાંભલામાં ભગવાનનાં દર્શન થશે. ઈશ્વર સર્વ વ્યાપક છે એમ બોલવાનું નથી, તેનો અનુભવ કરવાનો છે. પંદરમો અવતાર વામન ભગવાનનો છે. બલિ રાજા પૂર્ણ નિષ્કામ છે. માથે ભક્તિનું છત્ર છે અને ધર્મનું બખ્તર પહેર્યું છે. તેને ભગવાન પણ મારી શકતા નથી. આ છે વામનચરિત્રનું રહસ્ય. પરમાત્મા મોટા છે.તો પણ બલિ રાજા આગળ તેઓ વામન એટલે કે નાના બન્યા છે. સોળમો અવતાર પરશુરામનો છે. આ આવેશ-અવતાર છે. સત્તરમો વ્યાસ નારાયણનો અવતાર,અઢાર મો રામજીનો અવતાર. તે મર્યાદા પુરુષોત્તમનો અવતાર છે. રામજીની મર્યાદાઓનું પાલન કરો એટલે તમારામાં કામ મરશે અને કનૈયો આવશે. ઓગણીસમો અવતાર શ્રીકૃષ્ણનો. શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે પૂર્ણપુરુષોત્તમ. શ્રીરામ અને શ્રીકૃષ્ણ એક જ છે. મનુષ્ય બે વખત ભાન ભૂલે છે. એક ભૂખથી ભાન ભૂલે છે અને બીજું કામથી ભાન ભૂલે છે.

એ બે વખતને સાચવવાના છે. એકમાં રામજીને યાદ કરો અને બીજામાં શ્રીકૃષ્ણને. રામજીના મર્યાદાનું પાલન કરો, તો શ્રીકૃષ્ણ પુરુષોત્તમ પુષ્ટિ એટલે કૃપા કરશે. એકનાથજી મહારાજે આ બંને અવતારોની સુંદર તુલના કરી છે. રામજી રાજમહેલમાં અવતરે છે, કનૈયો કારાગૃહમાં. એકના નામના અક્ષર સરળ, બીજાના જોડાક્ષર. ભણતરમાં પણ સરળ અક્ષર પહેલા ભણાવે છે અને જોડાક્ષર પછી. રામ એ સરળ અક્ષર છે, શ્રીકૃષ્ણ એ જોડાક્ષર છે. સરળ પછી જોડાક્ષર, તેમ રામજી પછી શ્રીકૃષ્ણાવતાર.જેના ઘરમાં રામજી ન પધારે, ત્યાં શ્રીકૃષ્ણ આવતા નથી. આ બે સાક્ષાત્પૂર્ણ પુરુષોત્તમ અવતાર છે. બાકીના સર્વ અવતારો અંશાવતાર છે. અલ્પકાળ માટે તથા અલ્પ જીવ ના ઉદ્ધાર માટે જે અવતાર થાય છે તે અંશાવતાર અને જે અનંત કાળ માટે તથા અનંત જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર થાય તે પૂર્ણાવતાર. ભગવાનમાં મુખ્ય કથા કરવાની છે કનૈયાની. બીજા અવતારોની કથા કહ્યા પછી અધિકાર પ્રાપ્ત થાય. તે પછી હરિ, કલ્કિ, બુદ્ધ આદિ મળી ૨૪ અવતારો થયા છે. પરમાત્માના ૨૪અવતાર પરમાત્મા શબ્દમાંથી જ નીકળે છે. ૫ એટલે પાંચ ૨ એટલે બે, મા એટલે સાડા ચાર, અર્ધો. એટલે આઠ અને છેલ્લો મા એટલે સાડાચાર. ભગવાન વેદવ્યાસે ભાગવત ચરિત્રોથી પરિપૂર્ણ ભાગવત નામનું પુરાણ બનાવ્યું.શૌનકજીએ પૂછ્યું કે, વ્યાસજીએ ભાગવતની રચના શા માટે કરી અને રચના કર્યા પછી તેન પ્રચાર કેવી રીતે કર્યો તે અમને કહો.અતિશય લોભી પ્રતિ પળ ધનનું ચિંતન કરે છે, તેમ જ્ઞાની પ્રતિપળ ઈશ્વરનું સ્મરણ કરે છે. શુકદેવની વૃત્તિ જન્મથી બ્રહ્મકાર છે.



### પંકજ ઉધાસનું ૭૨ વર્ષની વયે અવસાન થયું છે

# ચિઠ્ઠી આયી હૈ ગીત સાંભળીને અચાનક રડવા લાગ્યા રાજ કપૂર

### પંકજ ઉધાસ પાકિસ્તાની ગઝલ ગાયક મહેંદી હસનની ગઝલોના દિવાના છે પરંતુ પોતાના દેશના ગાયકોમાં તેઓ જગજીત સિંહને ખૂબ ચાહતા હતા

પ્રખ્યાત ગઝલ ગાયક પંકજ ઉધાસનું સોમવારે મુંબઈમાં ૭૨ વર્ષની વયે અવસાન થયું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. ઉધાસના પરિવારજનોએ ટ્વિટ કરીને તેમના નિધનની જાણકારી આપી હતી. ત્યારે ફિલ્મ 'નામ'નું ગીત 'ચિઠ્ઠી આયી હૈપ' બહું જ પ્રખ્યાત થયું હતું. આ એ ગીત છે જેને સાંભળીને તે સમયના શોમેન રાજ કપૂર પણ રડી પડ્યા હતા. પંકજનો અવાજ ૪૦ વર્ષથી વધુ સમયથી સુગમ સંગીતનો રાજા રહ્યો છે. આવો અમે તમને પંકજ ઉધાસના જીવનની કેટલીક જાણી-અજાણી વાતો જણાવીએ. પંકજ ઉધાસના વિશ્વમાં ચાહકો છે, પરંતુ શું તમે જાણો છો કે પીઢ અભિનેતા અને શોમેન તરીકે પ્રખ્યાત થયેલા નિર્માતા અને નિર્દેશક રાજ કપૂર પણ પંકજની ગાયકીના દિવાના હતા. આ એ સમય હતો જ્યારે 'ચિઠ્ઠી આયી હૈ'નું રેકોર્ડિંગ થયું હતું. ફિલ્મના નિર્માતા રાજેન્દ્ર કુમાર હતા, જે તેના એક હીરો કુમાર ગૌરવના પિતા હતા. એક દિવસ રાજેન્દ્ર કુમારે રાજ કપૂરને ડિનર માટે બોલાવ્યા અને ગીત વગાડ્યું હતું. આ ગઝલ સાંભળ્યા પછી રાજ



કપૂરની આંખોમાં આંસુ આવી ગયા અને કહ્યું કે, આ ગીત ખૂબ જ હિટ થશે અને રાજ કપૂરની આગાહી સાચી સાબિત થઈ હતી. પંકજ ઉધાસ પાકિસ્તાની ગઝલ ગાયક મહેંદી હસનની ગઝલોના દિવાના છે. પરંતુ પોતાના દેશના ગાયકોમાં તેઓ જગજીત સિંહને ખૂબ ચાહતા હતા. એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે, જગજીતના અવાજે ભારતમાં ગઝલની એક અલગ ક્રાંતિ લાવી છે. જગજીત સિંહે ગઝલને બધાની ફેવરિટ બનાવી કારણ કે, તેઓ લોકોની માંગ પ્રમાણે તેને ટ્વિસ્ટ કરતા હતા. તેને જગજીતનો અવાજ ગઝલનો યુએસપી લાગે છે. સંગીતમય પરિવારમાં જન્મ લેવાથી પંકજના જીવનમાં સંગીત આવવું અનિવાર્ય હતું. પિતા ગુજરાતી ગાયક હતા અને મોટા ભાઈ હિન્દી ફિલ્મોમાં ગાતા હતા. જેના કારણે પંકજની સંગીતની તાલીમ ઘરે જ થઈ હતી. એક સમયે ભારત-ચીન યુદ્ધ દરમિયાન મનહરનો સ્ટેજ શો હતો. આ દરમિયાન, ૧૦ વર્ષનો પંકજ પણ તેની સાથે આ સ્ટેજ શો જોવા ગયો હતો. પંકજે સ્ટેજ પર 'એ મેરે વતન કે લોગોં' ગીત ગાઈને લોકોના દિલ જીતી લીધા હતા. તેમના અવાજ અને સમર્પણથી ખુશ થઈને શ્રોતાઓએ તેમને ૫૧ રૂપિયાનું ઈનામ આપ્યું હતું. ગાયકીમાં આટલી રુચિ હોવા છતાં પંકજના પરિવારે ક્યારેય સંગીતને વ્યવસાય માન્યું ન હતું. હા, તેણે મને ક્યારેય સંગીતથી રોક્યો નહીં અને મને તે શીખવા માટે પ્રોત્સાહિત પણ કર્યું હતું. કદાચ આ જ કારણ હતું કે, રાજકોટની સંગીત નાટ્ય એકેડમીમાં ચાર વર્ષ સુધી તબલા વગાડ્યા પછી પંકજ મુંબઈ આવી ગયો હતો. વાસ્તવમાં તેણે વિજ્ઞાન વિષયમાંથી સ્નાતક થવું હતું. જેના માટે તેણે મુંબઈની વિલ્સન કોલેજમાં એડમિશન લીધું હતું. પરંતુ અભ્યાસની સાથે સાથે પંકજે માસ્ટર નવરંગ પાસેથી શાસ્ત્રીય સંગીત અને ગાવાનું શીખવાનું ચાલુ રાખ્યું હતું. પંકજે ૧૯૭૨માં રિલીઝ થયેલી ફિલ્મ 'કામના'થી હિન્દી ફિલ્મોમાં ગાવાની શરૂઆત કરી હતી.

### આ વર્ષે સાઉથ આફ્રિકામાં શૂટ નહીં થાય

# 'ખતરોં કે ખિલાડી સીઝન ૧૪'ની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ

### હાલમાં રોહિત શેટ્ટી અને તેની સ્ટંટ ટીમ રેકીમાં વ્યસ્ત છે, આ ટીમે હાલમાં આર્જેન્ટિના, જ્યોર્જિયા અને થાઈલેન્ડનો પ્રવાસ કર્યો છે

કલર્સ ટીવીના એડવેન્ચર રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'ની સીઝન ૧૪ની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે. રોહિત શેટ્ટીના આ સેલિબ્રિટી સ્ટંટ આધારિત રિયાલિટી શોમાં ન તો કોઈ પક્ષપાત છે કે ન તો કોઈ વધારાનો ડ્રામા છે. આ શોમાં ભાગ લેનારા તમામ સ્પર્ધકોને તેમની પ્રતિભાના આધારે જજ કરવામાં આવે છે. અને આ જ સૌથી મોટું કારણ છે કે દર્શકો દર વર્ષે ખતરોં કે ખિલાડીની નવી સીઝનની રાહ જુએ છે. તો ચાલો અમે તમને જણાવીએ કે આ વર્ષે રોહિત શેટ્ટીનો આ શો ક્યાં શૂટ કરવામાં આવશે અને આ શો માટે અત્યાર સુધી કયા કલાકારોનો સંપર્ક કરવામાં આવ્યો છે. જોકે ખતરોં કે ખિલાડીની મોટાભાગની સિઝન સાઉથ આફ્રિકામાં ફિલ્માવવામાં આવી છે. પરંતુ શોનું શૂટિંગ બ્રાઝિલ (સીઝન ૩), આર્જેન્ટિના (સીઝન ૭ અને ૯), બલ્ગેરિયા (સીઝન ૧૦) અને સ્પેન (સીઝન ૮) માં પણ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે પ્રાણીઓના સ્ટંટને લઈને સાઉથ આફ્રિકામાં જે સ્વતંત્રતા આપવામાં આવે છે તે અન્ય દેશોમાં મળતી નથી અને આ જ કારણ છે કે નિર્માતાઓ 'ખતરો કે ખિલાડી' માટે સાઉથ આફ્રિકાને પ્રાથમિકતા આપે છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર રોહિત શેટ્ટીનો આ રિયાલિટી શો આ વર્ષે સાઉથ આફ્રિકામાં શૂટ કરવામાં આવશે નહીં. હાલમાં રોહિત શેટ્ટી અને




તેની સ્ટંટ ટીમ રેકીમાં વ્યસ્ત છે. આ ટીમે હાલમાં આર્જેન્ટિના, જ્યોર્જિયા અને થાઈલેન્ડનો પ્રવાસ કર્યો છે. પરંતુ આર્જેન્ટિનામાં દરરોજ ત્રણ વખત બદલાતું હવામાન શૂટિંગ માટે પડકારરૂપ બની શકે છે અને થાઈલેન્ડમાં ઈચ્છિત સ્ટંટ કરવા મુશ્કેલ બનશે. અને આ કારણે રોહિત શેટ્ટીની ટીમ આ વખતે શોનું શૂટિંગ જ્યોર્જિયામાં કરવા માંગે છે. જેથી તેમને મુશ્કેલ સ્ટંટ કરવા માટે યોગ્ય સુરક્ષા અને સુવિધા મળી શકે.

# ઈમરાન ખાને પોતે જ વાળ કાપ્યા, ફરારી વેચી અને ઘર ખાલી કર્યું

### ઈમરાન ખાન છેલ્લા એક દાયકાથી એક જ ચશ્મા પહેરે છે, આજે પણ તે ૧૦ વર્ષ અગાઉ પહેરેલ અને ઉલ્લેખ કરેલ સૂટ જ પહેરે છે

આપણા કાને ઈમરાન ખાનનું નામ પડતા જ યાદ આવે 'જાને કી જાને ના, માને કી માને ના' સોંગ, મેરે બ્રધર કી દુલ્હનિયા મૂવી. આમિરનો ભત્રીજો ઈમરાન છેલ્લે ફિલ્મ 'કટ્ટી બટ્ટી'માં જોવા મળ્યો હતો, જેમાં તેની કો-સ્ટાર કંગના રનૌત હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કોઈ ખાસ કમાલ કરી શકી નહોતી. ૨૦૧૬માં આ ફિલ્મ ફ્લોપ થયા બાદ તેણે બ્રેક લેવાની જાહેરાત કરી હતી. આ અગાઉ અભિનેતાએ 'જાને તુ યા જાને ના', 'આઈ હેટ લવ સ્ટોરીસ', 'દિલ્હી બેલી', 'મેરે બ્રધર કી દુલ્હનિયા' જેવી શાનદાર ફિલ્મો પણ આપી હતી. લાઈમલાઈટથી દૂર રહેલા આ સમયમાં તેણે મોટાભાગનો સમય મૂવી જોવામાં વિતાવ્યો છે. જોકે ૨૦૨૩માં ઈમરાન ખાને અદિતિ નામની નેટીઝને ફિલ્મોમાં પાછા આવવા અંગે પૂછેલા સવાલના જવાબે બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ઈમરાને કહ્યું હતુ કે, ''ચલો અદિતિ, ચાલો આ વાત ઈન્ટરનેટ પર છોડી દઈએપ ૧૦ લાખ લાઈક્સ મળશે તો હું મારી જબાન પુરી કરીશ. આ ચેલેન્જની સામે નેટીઝન્સ એક થયા અને અંતે ખરેખર ઈમરાન વચનને વળગી રહ્યો અને અંતે તેણે જાહેરાત કરી છે કે તે ફિલ્મોમાં પાછો ફરશે. જોકે હવે તેણે ફર્સ્ટ હટ્ટૈટ સાથેના એક ઈન્ટરવ્યુમાં નોંધપાત્ર ખુલાસા કર્યા છે. ચોકલેટી અભિનેતા ઈમરાન ખાન હવે ફિલ્મોમાં કમબેક કરવા માટે તૈયાર છે. લાંબા સમય સુધી ફિલ્મો, લાઈમ લાઈટ અને સોશિયલ મીડિયાથી દૂર રહ્યા બાદ આમિર ખાનના ભત્રીજા ઈમરાને ફિલ્મી દુનિયામાં પરત ફરવાનો નિર્ણય કર્યો છે. તેણે સોશિયલ મીડિયા ઉપર કમબેક કરીને હલચલ મચાવી દીધી છે. આયરા ખાનના લગ્નમાં ધૂમ મચાવ્યા બાદ હવે તેણે તાજેતરના ઈન્ટરવ્યુથી લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ દરમિયાન ઈમરાન ખાને પોતાના બદલાયેલા જીવન વિશે વાત કરી અને જણાવ્યું કે કેવી રીતે પોતાની વૈભવી જીવનશૈલી સંપૂર્ણપણે બદલી દીધી છે. ઈમરાન ખાન બોલિવૂડના અન્ય સ્ટાર્સથી તદ્દન અલગ છે. તે ૨૦૧૬થી પોતાના વાળ જાતે જ કાપી રહ્યો છે. તે છેલ્લા એક દાયકાથી એક જ ચશ્મા પહેરે છે. આજે પણ તે ૧૦ વર્ષ અગાઉ પહેરેલ અને ઉલ્લેખ કરેલ સૂટ જ પહેરે છે. ઈમરાને બહેન ઈરા ખાનના લગ્ન સમારોહના બે કાર્યક્રમોમાં આ જ સૂટ પહેર્યા હતા. એક તરફ જ્યાં બેકી ફિટ, રિલેક્સ્ડ ફિટ અને કોર્કી કપડાં ટ્રેન્ડમાં છે, ત્યારે ઈમરાન હંમેશા ક્લાસિક કપડાંમાં જ જોવા મળે છે. ઈમરાન હંમેશા વેલ ફીટ કપડામાં જોવા મળે છે.



અભિનેતા હવે સસ્ટેનેબલ એટલે કે ટકાઉ જીવન જીવવામાં માને છે અને આ કારણે તેણે ઘણી વસ્તુઓ છોડી દીધી છે. મોટાભાગની લક્ઝરી પણ ઈમરાને ટાળી છે. પોતાની મનગમતી ચેરી-રેડ ફરારી કારને પણ પોતાનાથી દૂર કરી છે અને તેના સ્થાને રેગ્યુલર ફોક્સવેગન કાર લીધી છે. પોતાનો આલીશાન પાલી હિલ બંગલો પણ તેણે ખાલી કર્યો છે. હાલમાં ઈમરાન ખાન બાંદ્રાના એક એપાર્ટમેન્ટમાં રહે છે, જ્યાં તેણે પોતાના જીવનમાં ઘણા ફેરફારો કર્યા છે અને સરળ જીવન અપનાવ્યું છે. ઈમરાને લાઈફસ્ટાઈલ સંપૂર્ણપણે બદલી નાંખી છે અને હવે તેના રસોડામાં માત્ર ત્રણ પ્લેટ, ત્રણ ફોર્ક, બે કોફી મગ અને એક ફ્રાઈંગ પેન છે. ઈમરાન વિશે આ તમામ માહિતી વોગ દ્વારા શેર કરવામાં આવી છે.

## લોકસભાની ચૂંટણી

# લડવા આ યોગ્ય સમય છે : કંગના રનૌત



### કંગના રનૌતે કહ્યું કે સાચું કહું તો જો મારે લોકસભાની ચૂંટણી લડવી હોય તો આ જ સમય છે અને યોગ્ય સમય છે

બોલિવુડ એક્ટ્રેસ કંગના રનૌત એક કાર્યક્રમમાં હાજર રહી હતી. એક્ટ્રેસ કંગના રનૌતે લોકસભાની ચૂંટણી લડવા લઈને ચર્ચાઓ પર વાત કરી. કંગનાએ કહ્યું કે હું લોકસભાની ચૂંટણી લડવાની છું તેને લઈને ચર્ચા ચાલી રહી છે. કંગના રનૌતે કહ્યું કે સાચું કહુ તો જો મારે લોકસભાની ચૂંટણી લડવી હોય તો આ જ સમય છે અને યોગ્ય સમય છે. કંગનાએ કહ્યું કે તે આરઆરઆર હોય, સત્યજીત રેની ફિલ્મો હોય કે પછી સ્લમડોગ મિલિયોનેર હોય. સત્યજીત રેએ કહ્યું છે તેમ, ગ્લોબલ બનવા માટે તમારે પહેલા લોકલ બનવું પડશે. હું પણ આ વાત ઘણી હદ સુધી માનું છું. કંગના રનૌતે કહ્યું કે આપણે પ્રમાણિક બનવાની જરૂર છે. આપણે જમીન સાથે જોડાયેલી ફિલ્મો બનાવવાની જરૂર છે, જે આપણી સંસ્કૃતિ અને આપણા સંઘર્ષ વિશે હોય. વાર્તાઓ જે આપણા સમાજમાં સંઘર્ષ દર્શાવે છે. બોલિવુડ એક્ટ્રેસ કંગના રૈનાત મૂળ હિમાચલ પ્રદેશની છે અને તે લોકસભાની ચૂંટણી લડી રહી છે તેની ઘણી ચર્ચા છે. આ ચર્ચાએ વેગ પકડ્યો જ્યારે તેઓ થોડા મહિના પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને મળી હતી.

# ફિલ્મ યોદ્ધા ૧૫ માર્ચના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થવાની છે



સિદ્ધાર્થ મલ્હોત્રા અને રાશિ ખન્ના આ દિવસોમાં અપકમિંગ ફિલ્મ યોદ્ધાને લઈને સતત ચર્ચામાં બની રહે છે. હાલમાં આ જોડી જયપુરમાં નજરે પડી હતી. સિદ્ધાર્થ મલ્હોત્રા અને રાશિ ખન્નાએ ફિલ્મ યોદ્ધાનું ફર્સ્ટ સોન્ગ જયપુરમાં લોન્ચ કર્યુ હતુ. આ દરમિયાન બન્ને એક્ટર્સ હાથમાં હાથ નાખીને સ્પોટ થયા. ફિલ્મના પ્રમોશન માટે એક્ટર્સનો આ વિડીયો હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે. આ વિડીયો જોયા પછી સિદ્ધાર્થ અને કિયારાના ફેન્સ સરપ્રાઈઝ થઈ ગયા છે. ઈન્સ્ટાગ્રામ પેજ ઈન્સ્ટન્ટ બોલિવૂડે યોદ્ધાના પ્રમોશનથી રાશિ ખન્ના અને સિદ્ધાર્થ મલ્હોત્રાનો આ વિડીયો શેર કર્યો છે જે જોઈને ફેન્સ હેરાન થઈ ગયા છે. કિયારા અડવાણીના અનેક ફેન્સ આ વિડીયો જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ વિશે અનેક લોકોએ કોમેન્ટ્સ પણ કરી છે. આ વિડીયો જોઈને એક યુઝર્સે કોમેન્ટ કરી છે કે..મને કિયારાની તરફથી ખૂબ ખરાબ લાગી રહ્યું છે. જ્યારે બીજા ફેને લખ્યુ છે કે આ બન્નેએ જાણે લગ્ન કર્યા હોય એમ કેમ વર્તન કરી રહ્યા છે.

### સિદ્ધાર્થ મલ્હોત્રા, રાશિ ખન્ના અને દિશા પટની સ્ટારર ફિલ્મ યોદ્ધા ૧૫ માર્ચના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થવાની છે



વાયરલ થઈ રહેલા આ વિડીયોમાં તમે જોઈ શકો છો કે પ્રમોશન દરમિયાન વેન્યુ પર જતા એક્ટ્રેસ રાશિ ખન્ના સિદ્ધાર્થનો હાથ પકડીને જોવા મળી રહ્યો છે. એક્ટરે થોડી વાર માટે એક્ટ્રેસનો હાથ પકડે છે, પરંતુ પછી હાથ છોડીને ભીડમાંથી નિકળવામાં મદદ કરતો જોવા મળે છે. સિડ અને કિયારાએ અનેક ફેન્સની સામે આવીને સિદ્ધાર્થ મલ્હોત્રાના વખાણ કરીને જેન્ટલમેન બતાવ્યા છે. સિદ્ધાર્થ મલ્હોત્રા, રાશિ ખન્ના અને દિશા પટની સ્ટારર ફિલ્મ યોદ્ધા ૧૫ માર્ચના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થવાની છે. કરણ જોહરના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મને લઈને દર્શકોમાં એક્સાઈટમેન્ટ જોવા મળી રહ્યું છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોદ્ધા'નું પોસ્ટર ખાસ રીતે રિલીઝ કરવામાં આવ્યુ હતુ. આ પોસ્ટર જોયા પછી લોકો ચોંકી ઉઠ્યા હતા. ફિલ્મ 'યોદ્ધા'ના પોસ્ટરને હવામાં રિલીઝ કરવામાં આવ્યુ હતુ. ફિલ્મના પોસ્ટરને ૧૩,૦૦૦ કં ની ઉંચાઈ પર રિલીઝ કરવામાં આવ્યુ હતુ. આમ, તમને જણાવી દઈએ કે બોલિવૂડમાં પહેલી વાર કોઈ ફિલ્મનું પોસ્ટર આ રીતે રિલીઝ કરવામાં આવ્યુ છે.



### માધુરી દીક્ષિત તેના અસાધારણ અભિનય, સહજ સુંદરતા અને મોહક સ્મિત માટે દાયકાઓથી દિલ જીતી રહી છે

### પોતાની એક્ટિંગ જ નહીં પણ ડાન્સિંગ અને ફેસિયલ એક્સપ્રેશન માટે પણ જાણીતી છે

# માધુરી દીક્ષિત(ધક ધક ગર્લ) ૫૬ વર્ષની ઉંમરે પણ ગ્રેસફૂલ છે

માધુરી દીક્ષિત એવી એક્ટ્રેસ છે જે પોતાની એક્ટિંગ જ નહીં પણ ડાન્સિંગ અને ફેસિયલ એક્સપ્રેશન માટે પણ જાણીતી છે. ૫૬ વર્ષની ઉંમરે પણ આ એક્ટ્રેસ એટલી ગ્રેસફૂલ છે કે, આજની યંગ એજ એક્ટ્રેસિસને પણ પાછળ છોડી દે છે. આમ તો માધુરી તેના આઉટફિટ્સમાં અલગ અલગ ફ્યૂઝન એડ કરે છે, જેમાં ક્યારેક ટ્રેડિશનલની સાથે લૉન્ગ કટ તો નેટ શ્રગ મેચ કરતી હોય છે. પરંતુ વાત જ્યારે સાડીઓની આવે તો તેની પાસે પારંપરિકથી લઈ મોર્ડન સાડીઓનું ઉત્તમ કલેક્શન છે. આ ટ્રેડિશનલ ડ્રેસમાં ધક ધક ગર્લની સુંદરતા જોવાલાયક હોય છે. હાલમાં જ એક ઈવેન્ટમાં પહોંચેલી માધુરી દીક્ષિતે સ્પેશિયલ સાડી પહેરી હતી જે સિમ્પલ હોવા છતાં લોકોનું ધ્યાન ખેંચી રહી હતી. આ ઈવેન્ટમાં માધુરી દીક્ષિતે શિફોનની સિક્વિન એમ્બ્રોયડરી સાડી પહેરી હતી, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી હતી. આ ગોલ્ડન મોનોક્રોમ સાડીમાં પ્લીટ્સ પોર્શનમાં ઓવરઓલ સિક્વિન વર્કથી અલગ રાખવામાં આવ્યું હતું. જેના કારણે હોરિઝોન્ટલ લાઈનિંગની વચ્ચે પ્લેન ફેબ્રિકનો ગેપ સારો લૂક આપી રહ્યો છે. પલ્લૂની હેમલાઈન પર થ્રેડ વર્ક કટવાળા લટકણ સાડીના સ્પેશિયલ એલિમેન્ટ હતા. આ સાડીને ડિઝાઈનર નકુલ સેને ડિઝાઈન કરી છે જેની કિંમત ૧ લાખ ૩૫ હજાર છે. માધુરીએ તેની સાડીને મેચિંગ બ્લાઉઝ સાથે પૅર કરી હતી. ડિસન્ટ લૂક માટે હાફ સ્લિવ્સ અને સ્કૂપ નેકલાઈન ડિઝાઈન પરફેક્ટ ચોઈસ હતી. એક્ટ્રેસે પોતાના મેકઅપને મિનિમલ રાખ્યો હતો. તેણે બ્રાઉન લિપસ્ટિક અને સ્મોકી આઈઝ સાથે બાકીના બેઝને નેચરલ ટોનમાં રાખ્યો હતો. માધુરીએ સાડીની સાથે મલ્ટી કલર બેન્ગલ્સ પહેર્યા હતા, જેમાં એક મલ્ટી કલર હતા અને બાકી બે સ્ટોન્સવાળા હતા. સાથે જ તેણે મેચિંગ રિંગ અને ઈયરિંગ્સ પહેરી ઓવરઓલ સાડી લૂકને કમ્પલિટ કર્યો હતો.

# સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

## ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હોય તો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે : રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

। (પ્રતિનિધી) ડીસા, તા.૨૭ ।



ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, બનાસકાંઠા અંતર્ગત સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ખેત પેદાશોના પ્રદર્શન અને વેચાણ સ્ટોલની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ અંગે વિગતવાર માહિતી આપી લોકોને પ્રાકૃતિક કૃષિ તરફ વળવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત ખેડૂતો, સખી મંડળની બહેનો, શિક્ષકો અને યોગ પ્રશિક્ષકોને જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી અંગેનો ભેદ સ્પષ્ટ કરી પ્રાકૃતિક ખેતીના ફાયદા અને મહત્વ ખૂબ સરળ ભાષામાં સમજાવ્યા હતા. રાસાયણિક ખાતરોના વપરાશથી જમીન બંજર અને બિન ઉપજાઉ બને છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી કેન્સર સહિતના ગંભીર રોગોને આમંત્રણ આપીએ છીએ. ખેતીલાયક જમીન અને ખેતીને જો બચાવવી હશે તો દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે એમ જણાવી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને જીવામૃત બનાવવાની રીત સમજાવી લોકોને રાસાયણિક ખાતરોનો વપરાશ છોડી તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી વરુણકુમાર બરનવાલ, કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી આર.એમ. ચૌહાણ, સંશોધન નિયામકશ્રી સી.એમ. મુરલીધરન, આત્મા ડિરેક્ટરશ્રી પી.એસ. રબારી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એમ.એમ. પ્રજાપતિ, આત્મા પ્રોજેકટ જિલ્લા ડિરેક્ટરશ્રી જીંદાલ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો પશુપાલક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી લોકસભા ચૂંટણી અન્વયે અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી. કે. અને શહેર પોલીસ કમિશનર શ્રી જી. એસ. મલિક દ્વારા મતગણતરી કેન્દ્રની મુલાકાત કરાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૨૭ ।

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. અને શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક દ્વારા મતગણતરી કેન્દ્રો - એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ તથા ગુજરાત કોલેજની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જે-તે વિભાગના સબંધિત અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

મતગણતરીની કામગીરી દરમિયાન કોઈ ખલેલ ન પહોંચે અને ગોપનીયતા જળવાઈ રહે તેમજ કેન્દ્રીય ચૂંટણી આયોગ તરફથી આપ વામાં આવેલ સૂચનાઓની ચુસ્ત અમલવારી થઈ શકે તે અન્વયે જિલ્લા કલેકટરશ્રી અને પોલીસ કમિશનરશ્રી સહિતના અધિકારીઓ દ્વારા શહેરના મતગણતરી કેન્દ્ર એલ.ડી.એન્જિનિયરિંગ કોલેજ તથા ગુજરાત કોલેજની મુલાકાત લઈ આગામી આયોજન બાબતે જરૂરી ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાને લઈને પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યાં હતાં. સાથે સાથે મતગણતરી દરમિયાન તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી શકાય તે બાબતે પણ વિચાર-વિમર્શ કરાયો હતો. જિલ્લા કલેકટરશ્રી તથા શહેર પોલીસ કમિશનરશ્રી દ્વારા ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓને તમામ બાબતોમાં જરૂરી સૂચન કરી યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. આ મુલાકાત પ્રસંગે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ ઠક્કર, સુશ્રી નેહા ગુપ્તા તથા સબંધિત વિભાગના અધિકારીઓ અને પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા માંગરોળ તાલુકાના કોઠવાગામના ગ્રામવાસીઓ

। (માહિતી) સુરત, તા.૨૭ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફલેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના માંગરોળ તાલુકાના કોઠવા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ, જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## મહીસાગર જિલ્લા પંચાયત ભવન ખાતે આયુષ મોબાઈલ મેડિકલ યુનિટ- આયુષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું



। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૨૭ ।

આયુષ મંત્રાલય દ્વારા સ્વસ્થ, સમૃધ્ધ અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે નેશનલ આયુષ મિશન હેઠળ આયુષ મોબાઈલ મેડિકલ યુનિટ-આયુષ રથનું ઉદ્‌ઘાટન આજ રોજ જિલ્લા પંચાયત ભવન લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી વાનને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ આયુષ રથ થકી મહીસાગર જિલ્લાના અંતરિયાળ ગામોમાં આયુષની સેવાઓ મળી રહશે તથા આયુર્વેદ તથા હોમીયોપેથી દવાઓ છેવાડાના ગામમાં લોકોને મળી રહે તે માટે આયુર્વેદ શાખા અને જિલ્લા વહીવટી તંત્ર પ્રયત્નશીલ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ નંદાબેન ખાંટ, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી રણજીત નિનામા, આરોગ્ય સમિતિ ચેરમેન, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સહિત આયુર્વેદ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝાલોદ તાલુકાના ગરાડુ મુકામેથી ગેરકાયદેસર દારૂના મુદ્દામાલ સહિત એક ઈસમની અટકાયત કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ તાલુકાના ગરાડુ મુકામે પોલીસ પેટ્રોલિંગમા હતી તે દરમ્યાન પોલીસને બાતમી મળેલ હતી કે રાજસ્થાન તરફથી એક ઈસમ ગેરકાયદેસર રીતે દારુ લઈ ગરાડુ બાજુથી નીકળનાર છે. પોલીસને બાતમી મળેલ તે મુજબ એક જ્યુપિટર ગાડી જેની આગળ પાછળ નંબર પ્લેટ લખેલ ન હતી તેને પોલીસ દ્વારા રોકવામાં આવી હતી. પોલીસને તપાસ દરમ્યાન એક થેલા માથી ૨૮૮૦ ની બિયર મળી આવેલ હતી.જેથી પોલીસ દ્વારા જ્યુપિટર ગાડી જેની અંદાજિત કિંમત ૨૫૦૦૦ સાથે ગાડી ચલાવીને લાવનાર એક ઈસમ જેનું નામ સતીષ સુરસીંગ મુનિયા છે તેની અટકાયત કરી હતી અને પોલીસ દ્વારા કુલ ૨૭૮૮૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

## ઝાલોદ ખાટવાડા મુખ્ય રોડ પર ગટરની ઉપર તૂટેલી જાળીને લઈ ગંભીર દુર્ઘટનાનો ભય



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરના ખાટવાડા વિસ્તાર તેમજ આંબેડકર ચોક થી ખાટવાડા જતા મુખ્ય રસ્તા પર એક ગટર લાઈન આવેલ છે. આ ગટર લાઈન ને સાફ સફાઈ કરવા નગરપાલિકા દ્વારા આ ખુલ્લી ગટરની ઉપર એક જાળી મુકવામાં આવેલ છે. આ જાળી કેટલાક સમયથી તુટી ગયેલ છે અને ગટરની અંદર બેસી ગયેલ છે. આ ખાટવાડા વિસ્તાર ટ્રાફિક થી ધમધમતો વિસ્તાર છે જેથી આ તુટી ગયેલ જાળીની ઉપર થી જો વધુ અવર જવર કે ભારી વાહન નીકળે તો આ જાળી તૂટી જાય અને કોઈ વાહન ફસાઈ જાય તેવું સ્પષ્ટ જોવા મળે છે. આ તૂટી ગયેલ જાળીને લઈ કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા નગર પાલિકા સત્વરે આ તૂટી ગયેલ જાળીની જગ્યાએ તાત્કાલિક નવી જાળી બેસાડે જેથી કોઈ દુર્ઘટના ન સર્જાય. આ તુટી ગયેલ જાળીને લઈ અહીંથી નીકળતા દરેક વાહન ચાલકોને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. જેથી નગરપાલિકા સત્વરે આ તુટી ગયેલ જાળીની જગ્યાએ નવી જાળી બેસાડે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## પંજાબ નેશનલ બેંક, પબ્લિક રિલેશન્સ કાઉન્સીલ ઓફ ઇન્ડિયા અમદાવાદ ચેપ્ટર અને SMS પી આર એજેંસી દ્વારા ઇન્દ્રધનુષ કોમ્યુનિટી અભિયાન અને આનંદો : ફૂડ-ફેશન કાર્નિવલનું ભવ્ય આયોજન



। અમદાવાદ, તા.૨૭ ।

આગામી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમ્મીતે, કેટલાક જાણીતા સંસ્થાઓ દ્વારા સંયુક્તપણે ઈન્દ્રધનુષ ૨૦૨૪ સંગીત અને એવોર્ડ્સ સંધ્યાનું આયોજન વસ્ત્રાપુર સ્થિત ક્ષેમુ દિવેટિયા એમ્પીથિએટર ખાતે ૯મી માર્ચ ના રોજ કરવામાં આવશે. છેલ્લા ૪ મહિનાથી ઈન્દ્રધનુષ ના સાત ટીમ્સ જેનું નેતૃત્વ સમાજના કેટલાક સશક્ત એન્ટ્રેપ્રેનેઉર મહિલાઓ કરે છે એમને કેન્સર, મંદબુદ્ધિ બાળકો, અંધ કન્યા બહેનો, વૃદ્દદાશ્રમ, સેવા ના મહિલાઓ અને વંચિત અને જરૂરિયાતમંદ બાળકો સાથે મળીને એમના જીવનમાં સ્મિત અને આશાનું સંચાર કર્યું અને પોતાના સમાજ સેવી ભાવનાઓ થી એક પોઝિટિવ વાતાવરણ નું નિર્માણ કર્યું.

વાઈબ્રન્ટ વાયોલેટ્સના સુશ્રી અંકિતા ખંત એ કરણ ફોઉન્ડેશન, ઈગ્નાઈટેડ ઈન્ડિગોસ ના સુશ્રી વ્રીન્દા મકવાણા એ કૃષ્ણધામ વૃદ્ધાશ્રમ, બ્યુટીફૂલ બ્લૂઝ ના શ્રીમતી પિંકી જોશી એ અંધ કન્યા પ્રકાશ ગૃહ, ગોર્જીયસ ગ્રીન્સના શ્રીમતી જલ્પન લાલા એ સેવા જૂથ ના મહિલાઓ, યૂથફુલ યેલ્લોઝ ના શ્રીમતી કૃપાલી જોશી એ પ્રકાશ સ્કૂલ ફોર મેન્ટલી ચેલેન્જડ, ઓપ્ટીમિસ્ટિક ઓરેંજેસના શ્રીમતી ઈલા ગોહિલ એ સંજીવની કેન્સર ફોઉન્ડેશન અને રેવિશિંગ રેડ્સના સુશ્રી પ્રિયંકા રોય અને ભાર્ગવ ઠક્કર એ વિસામો કિડ્સ ફોઉન્ડેશન સાથે અદભુત ઈવેન્ટ્સ અને સેલિબ્રેશન્સનું આયોજન કર્યું.

સૂભોજિત સેન એ ખાસ માહિતી આપ્યું કે ૯મી માર્ચના રોજ વસ્ત્રાપુર એમ્પીથીએટર ખાતે આ ૭ ટીમ્સ જેમાં ૮-૧૦ સભ્યો કાર્યરતઃ છે અને આ સાત કોમ્યુનિટિસ માટે એક અદભુત કાર્યક્રમનું તડામાર તૈયારીઓ ચાલુ જે જેથી સમાજ માટે એક પોઝિટિવ વાતાવરણનું સંચાર થાય અને લોકોને સમાજ અને માનવતા માટે સારું કરવાનું પ્રેરણા મળે.સાથે સાથે જીવન ના સેલિબ્રેશન માટે એક આનંદો મેળાનું આયોજન પણ કરવામાં આવ્યું છે જેમાં ૪૦-૫૦ ફૂડ, ફેશન અને ફેસિટિવિટી માટે નું સ્ટોલ્સ પણ રાખવામાં આવશે જેથી ઉદ્દમી મહિલા સાહસિકોને પોતાના બિઝનેસને પ્રેસેન્ટ કરવા માટે નું એક પ્લેટફોર્મ મળે. શહેરના કેટલાક જાણીતા મહાનુભાવો ને આ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવશે. સ્ટ્રેટેજિક મીડિયા સર્વિસીસ ટિમ ના સુશ્રી હિમજા, સુશ્રી નવ્યા, શ્રી કનુ ઠાકોર શ્રી રૂપેશ અમીન, સુશ્રી પ્રિયંકા રોય, સુશ્રી સલોની અને શ્રી દક્ષેશ રાવલ ના ખુભ આભાર જેમને ઈન્દ્રધનુષ અભિયાન ને ખાસ ટેકો આપ્યા છે.

## મહીસાગર જિલ્લામાં બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા રોજગારવાંછુઓ માટે બની રહી છે આશીર્વાદરૂપ



। (માહિતી) મહીસાગર, તા.૨૭ ।

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય અને રાજ્ય સરકારનાં સહયોગથી બેંક ઓફ બરોડા સંચાલિત બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા મહીસાગર જિલ્લામાં અનેક પ્રકારની રોજગારલક્ષી તાલીમ પૂરી પાડી રોજગારવાંછુઓ માટે આત્મનિર્ભરતાના નવા દ્વાર ખોલી રહી છે. આ સંસ્થા દ્વારા ગ્રામ્ય કક્ષાએ લોકોને જાગૃત કરી માંગ આધારિત તાલીમ માટેના કાર્યક્રમોનું આયોજન કરી ઉમેદવારની યોગ્યતા અને મૂલ્યાંકન બાદ જે તે ક્ષેત્રમાં તાલીમ આપી સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

મહીસાગર આરસેટી દ્વારા ૩૦ દિવસની બ્યુટી પાર્લરની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં બ્યુટી પાર્લર કોર્સની સફળતાપૂર્વક તાલીમ લેનાર અમિષા ભાટિયાએ ખાનપુર તાલુકાના પાંડરવાડા ખાતે પોતાના બ્યુટી પાર્લરના શુભારંભ પ્રસંગે મહીસાગર આરસેટી અને સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરકારની આ તાલીમથી મારું પોતાના વ્યવસાયનું સપનું પૂર્ણ થયું છે.

આ પ્રસંગે ઉપસ્થિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના નિયામક વિશાલ અગ્રવાલે પોતાની સંસ્થાના તાલીમાર્થી જયારે રોજગારી મેળવવાની દિશામાં આગળ વધે છે ત્યારે ખૂબ ખુશી અનુભવાય છે તેમ જણાવી બ્યુટી પાર્લરની તાલીમાર્થીને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે રોજગારવાંછુઓને આ વર્ષ ૨૦૨૪માં મહીસાગર આરસેટી દ્વારા ટૂંકાગાળાની એલએમવી માલિક ડ્રાઈવર, ટુ વ્હીલર મિકેનિક, સેલફોન રીપેરીંગ એન્ડ સર્વીસીસ, સીસીટીવી કેમેરા સિક્યોરીટી એલાર્મ સ્મોક ડીટેકટરનું ઈન્સ્ટોલેશન અને સર્વીસીસ, રેફ્રીજેશન અને એર કંડીશનીંગ, સીવણ, કોમ્પ્યુટર, કૃષિ, પશુપાલન, હસ્તકલાની અનેકવિધ તાલીમો યોજાનાર છે.

સંસ્થા દ્વારા બેરોજગારોને નિઃશુલ્ક તાલીમ રહેવા જમવાની સુવિધા આપે છે તો આગામી તાલીમ કાર્યક્રમોમાં જોડાવા માટે સંસ્થાનો સંપર્ક કરવા અપીલ કરી હતી. વધુમાં તેમણે આ પ્રસંગે ઉપસ્થિત બેંક ઓફ બરોડાના મેનેજરને આત્મનિર્ભરતાની તરફ કદમ ભરનાર તાલીમાર્થીને તેના સ્વરોજગાર માટે જરૂરીયાત મુજબ બેંકમાથી ધિરાણ માટે પૂર્ણ સહયોગનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે બ્યુટી પાર્લર કોર્સની ટ્રેનર, ફેકલ્ટી તેમજ સહતાલીમાર્થીઓ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. તમારૂ પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે?

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ?

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો. આજે રૉમાન્સની આશા નથી.

# ખેડૂતોના આંદોલન સામે SCમાં અરજી દાખલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ખેડૂતો હજુ પણ હરિયાણા-દિલ્હી બોર્ડર પર તેમની માંગણીઓ સાથે ઉભા છે. હરિયાણામાં બોર્ડર પર રસ્તાઓ ખોલવામાં આવી રહ્યા છે. આજે એવા સમાચાર છે કે કિસાન મઝદૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) દિલ્હી કૂચ અંગે ચર્ચા કરશે. અંતિમ નિર્ણય ૨૮ ફેબ્રુઆરીએ લેવામાં આવશે. દરમિયાન ખેડૂતોના આંદોલન સામે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલ ડો. નંદ કિશોર ગર્ગ દ્વારા દાખલ કરવામાં આવી છે. અરજીમાં ખેડૂતોના આંદોલનને કારણે પડી રહેલી મુશ્કેલીઓ તરફ સુપ્રીમ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

અરજીમાં NCTની આસપાસની સરહદોને જોડતા પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન વગેરે જેવા વિવિધ રાજ્યોના રાજમાર્ગો સહિત મુખ્ય માર્ગો બ્લોક કરીને વિરોધ કરી રહેલા ખેડૂતોના જૂથને તાત્કાલિક હટાવવાની હાકલ કરવામાં આવી છે. આ માટે સુપ્રીમ કોર્ટ પાસે યોગ્ય આદેશ/માર્ગદર્શિકા જારી કરવાની માંગ કરવામાં આવી છે. અરજીમાં એવું કહેવામાં આવ્યું હતું કે દિલ્હીમાં સામાન્ય લોકોને તેમના નિવાસસ્થાનથી તેમના કાર્યસ્થળ પર જવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, જેના કારણે સામાન્ય લોકો તેમની આજીવિકા, આરોગ્યની કટોકટી, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અન્ય કટોકટીઓ સાથે સંઘર્ષ કરી રહ્યા છે. અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ખેડૂતોના જૂથની આડમાં અસામાજિક તત્વોને સમસ્યા સર્જવાની તક મળી છે. હાઈવે પર ટ્રેક્ટરના ગેરકાયદે પ્રવેશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદીને કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા કોર્ટને આદેશ આપવા કહેવામાં આવ્યું છે કારણ કે ખેડૂતોનું જૂથ ફક્ત કૃષિ હેતુ માટે નોંધાયેલા ટ્રેક્ટરનો વિરોધ કરી રહ્યું છે અને જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચાડે છે. પહોંચાડી રહ્યા છે. આ પહેલા સુપ્રીમ કોર્ટમાં વધુ એક PIL દાખલ કરવામાં આવી હતી. જેમાં કેન્દ્ર સરકાર અને કેટલાક રાજ્યો પર શાંતિપૂર્વક વિરોધ કરી રહેલા ખેડૂતોના અધિકારોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ પીઆઈએલ સામાજિક કાર્યકર્તા અને શીખ ચેમ્બર ઓફ કોમર્સના મેનેજિંગ ડિરેક્ટર એગ્નોસ્ટોસ થિયોસ વતી દાખલ કરવામાં આવી છે. અરજદારે હરિયાણા, પંજાબ, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશની સરકારો પર વિરોધીઓ વિરુદ્ધ હિંસક પગલાં લેવાનો આરોપ લગાવ્યો હતો.




કેન્દ્રીય મંત્રી અનુરાગ સિંહ ઠાકુર અને નિર્મલા સીતારામને નવી દિલ્હીમાં એફઆઈસીસીઆઈ ઈન્ડિયા હેઠળ વિકસીત ભારત અને ઉદ્યોગ પર રાષ્ટ્રીય કોન્કલેવમાં ભાગ લીધો હતો.

### ગાઝા યુદ્ધને લઈને પેલેસ્ટિનિયન PM મોહમ્મદ શતયેહે મોટું પગલું ભર્યું

# પેલેસ્ટિનિયન PM મોહમ્મદ શતયેહે તેમની સરકારમાંથી રાજીનામું આપ્યું

। (એજન્સી) પેલેસ્ટિનિયન, તા.૨૭ ।

પેલેસ્ટિનિયન વડાપ્રધાન મોહમ્મદ શતયેહે કબજા હેઠળના પ્રદેશમાં વધી રહેલી હિંસા અને ગાઝા પરના યુદ્ધને કારણે તેમની સરકારમાંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. સોમવારે પેલેસ્ટિનિયન ઓથોરિટી (PA)ના પ્રમુખ મહમૂદ અબ્બાસને પોતાનું રાજીનામું સુપરત કરનાર શતયેહે જણાવ્યું હતું કે, "પશ્ચિમ કાંઠા અને જેરૂસલેમમાં અભૂતપૂર્વ વધારો અને ગાઝા પટ્ટીમાં યુદ્ધ, હત્યાકાંડ અને ભૂખમરાને કારણે રાજીનામું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે."

તેમણે કહ્યું, "હું જોઉં છું કે આગામી તબક્કા અને તેના પડકારો માટે ગાઝામાં નવી વાસ્તવિકતા અને પેલેસ્ટિનિયન એકતા અને પેલેસ્ટિનિયન જમીન પરના અધિકારોના વિસ્તરણ પર આધારિત પેલેસ્ટિનિયન-પેલેસ્ટિનિયન સર્વસંમતિના આધારે નવી સરકારી અને રાજકીય વ્યવસ્થાઓની જરૂર છે." જરૂરિયાત રાખો. મનમાં."

જો કે, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઘણી વખત ગાઝા પર નિયંત્રણ અને શાસન કરવા માટે પેલેસ્ટિનિયન રાજ્યની માંગને નકારી કાઢી છે. ગયા અઠવાડિયે, ઈઝરાયેલના ધારાશાસ્ત્રીઓએ પેલેસ્ટિનિયન રાજ્યની કોઈપણ "એકપક્ષીય" માન્યતાના નેતન્યાહુના અસ્વીકારને સમર્થન આપ્યું હતું.

નેતન્યાહુએ કહ્યું, "પેલેસ્ટિનિયન રાજ્યની સ્થાપના આપણા પર લાદવાના પ્રયાસ સામે નેસેટ બહુમતી સાથે એકસાથે આવી, જે માત્ર શાંતિ લાવવામાં નિષ્ફળ જશે નહીં પરંતુ ઈઝરાયેલ રાજ્યને જોખમમાં મૂકશે." પરંતુ પેલેસ્ટિનિયન વિદેશ મંત્રાલયે મતની ટીકા કરી હતી અને પેલેસ્ટિનિયન પ્રદેશો પર કબજો જમાવવાને કારણે ઈઝરાયેલ પર પેલેસ્ટિનિયનોના અધિકારોને બાનમાં રાખવાનો આરોપ મૂક્યો હતો.

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસે પશ્ચિમ કાંઠા પર ઈઝરાયેલના કબજાની કાનૂની અસરો અંગે લગભગ ૫૦ દેશોની સુનાવણી હાથ ધરી હોવાથી, અત્યંત જમણેરી ઈઝરાયેલના નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે ગુરુવારે આ હુમલામાં માર્યા ગયેલા લોકોના પ્રતિભાવરૂપે ૩,૩૦૦ થી વધુ નવા ઘરો બાંધવાની યોજના પર ભાર મૂક્યો હતો. શૂટિંગ. જાહેરાત કરી. સ્મોટ્રિચે જણાવ્યું હતું કે આ નિર્ણય કેદાર સેટલમેન્ટમાં ૩૦૦ નવા ઘરો અને માલે અડુમિમમાં ૨,૩૫૦ નવા ઘરો માટે મંજૂરી પ્રક્રિયાને ટ્રિગર કરશે, જ્યાં હુમલો થયો હતો. યુએસ સ્ટેટ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કહ્યું કે તેઓ નવી વસાહતોની ઈઝરાયેલની જાહેરાત વિશે સાંભળીને નિરાશ થયા છે.

### બિહારના ઉપમુખ્યમંત્રીના કાફલાને અકસ્માત

# તેજસ્વી યાદવના વાહનની કાર સાથે ટક્કરમાં એકનું મોત



। (એજન્સી) પૂર્ણિયા, તા.૨૭ ।

બિહારમાં પૂર્ણિયાના બેલૌરીમાં પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવના કાફલામાં સામેલ વાહન અને એક કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયંકર અકસ્માતમાં પોલીસ એસ્કોર્ટ વાહનના ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે ૬થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. હાલમાં તમામ ઘાયલ પોલીસકર્મીઓને પૂર્ણિયાની એક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. કાફલામાં સામેલ વાહનનો માલિક પૂર્ણિયાનો રહેવાસી છે. મૃતક ડ્રાઈવરની ઓળખ મધુબની ટીઓપી પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી મોહમ્મદ હલીમ તરીકે થઈ છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ પૂર્ણિયાના એસપી ઉપેન્દ્ર નાથ વર્મા હોસ્પિટલ પહોંચ્યા હતા.

ઘટના અંગે સ્થાનિક લોકોનું કહેવું છે કે કાફલામાં સામેલ કાર અચાનક કાબૂ બહાર નીકળી ગઈ હતી અને પછી ડિવાઈડર તોડીને અન્ય રૂટ પર જતી કાર સાથે અથડાઈ હતી, જેમાં કારમાં સવાર અન્ય ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તમામની સારવાર ચાલી રહી છે. પોલીસ હાલમાં મોહમ્મદ હલીમના મૃતદેહના પોસ્ટમોર્ટમની પ્રક્રિયામાં છે.

# આજે PM કિસાન નિધિનો ૧૬મો હપ્તો જમા થશે

। નવી દિલ્હી, તા.૨૭ ।

જો તમે PM કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થી છો, તો તમારા માટે સારા સમાચાર છે. જે ખેડૂતો લાંબા સમયથી ૧૬મા હપ્તાની રાહ જોઈ રહ્યા છે તેમને ટૂંક સમયમાં તેમના ખાતામાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા મળવાના છે. આવતીકાલે એટલે કે ૨૮મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી ૧૬મા હપ્તાના નાણાં સીધા લાભ દ્વારા દેશભરના કરોડો ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરશે. તેની માહિતી યોજનાની સત્તાવાર વેબસાઈટ પર પણ અપડેટ કરવામાં આવી છે. અમે તમને જણાવી રહ્યા છીએ કે કયા ખેડૂતોને આ યોજનાનો લાભ નહીં મળે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ, કેન્દ્ર સરકાર દર વર્ષે ગરીબ ખેડૂત પરિવારોના ખાતામાં ૬૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરે છે. આ નાણાં દર વર્ષે કુલ ત્રણ હપ્તામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. મોદી સરકારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આ યોજના શરૂ કરી હતી. અત્યાર સુધી, આ યોજના હેઠળ, ખેડૂતોના ખાતામાં ૨૦૦૦ રૂપિયાના કુલ ૧૫ હપ્તા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આવતીકાલે એટલે કે ૨૮મી ફેબ્રુઆરીએ પીએમ મોદી યોજનાનો ૧૬મો હપ્તો જાહેર કરશે.

### અભિનેતાઓ તેમની ફિલ્મના પ્રમોશન માટે લખનઉમાં હતા

# લખનઉમાં અક્ષય-ટાયગરને જોવા લોકો બેફામ, પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો

## લોકોએ મંચ પર જૂતા-ચપ્પલ પણ ફેંક્યા, ગુસ્સે ભરાયેલા ચાહકોએ પોલીસકર્મીઓ અને સ્ટેજ તરફ પથ્થરમારો શરૂ કર્યો

। (એજન્સી) લખનઉ, તા.૨૭ ।

અભિનેતા અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ તેમની આગામી એક્શન ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના પ્રચાર માટે ગઈ કાલે ઉત્તર પ્રદેશના લખનઉ પહોંચ્યા હતા. એક્ટર્સને નજીકથી જોવા માટે સોમવારે શહેરના ઘંટાઘર ખાતે મોટી સંખ્યમાં ચાહકો એકઠા થયા હતા. બેરિકેડિંગ ઓળંગીને અંદર જવા માટે લોકો વચ્ચે ઝપાઝપી થઈ હતી, ત્યારબાદ પોલીસે લોકોને કાબૂમાં લેવા માટે લાઠીનો ઉપયોગ કર્યો હતો. જેના કારણે ભાગદોડ મચી ગઈ હતી. લોકોએ મંચ પર જૂતા-ચપ્પલ પણ ફેંક્યા હતા.

ગુસ્સે ભરાયેલા ચાહકોએ પોલીસકર્મીઓ અને સ્ટેજ તરફ પથ્થરમારો શરૂ કર્યો હતો. ઘણા લોકોએ જૂતા અને ચપ્પલ પણ ફેંક્યા. ભીડને કાબુમાં લેવામાં પોલીસે લાઠી ચાર્જ કર્યો હતો. સદનસીબે, કલાકારો કે પ્રેક્ષકોમાંથી કોઈને ગંભીર ઈજા થઈ ન હતી. અહેવાલો મુજબ હોબાળા અને નાસભાગ જોઈને અભિનેતા અને ફિલ્મની ટીમે પહેલા પોતાને બચાવવાનો પ્રયાસ કર્યો. જો કે, થોડીવારમાં પોલીસ અને ફિલ્મની ટીમ સાથે આવેલા બાઉન્સરોએ લોકોને કાબુમાં લેવાના પ્રયાસ શરુ કર્યા હતા. ત્યાર બાદ અક્ષય કુમારે માઈક પર કહ્યું કે—હું તમને બધાને વિનંતી કરું છું, પોતાનું ધ્યાન રાખો, મહિલાઓ અને બાળકો પણ છે, તેમનું ધ્યાન રાખો. હું તમને બધાને મળવા આવ્યો છું. ત્યાર બાદ લોકો શાંત થયા હતા. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ ક્લોક ટાવર સાથે ૫૦-૬૦ ફૂટની ઊંચાઈ પર બંધાયેલા તાર પર લટકીને લગભગ ૧૦૦ મીટર દૂર સ્ટેજ પર ઉતર્યા હતા. અહેવાલો મુજબ કલાકારોના આગમનનો સમય બપોરે ૩:૩૦ વાગ્યાનો હતો. તેમને જોવા માટે



બપોરે ૨ વાગ્યાથી જ ચાહકો એકત્ર થવા લાગ્યા હતા. બેથી અઢી કલાકની રાહ જોયા બાદ સાંજે ૪.૪૦ની આસપાસ જ્યારે અક્ષય અને ટાઈગર પહોંચ્યા તો બંનેને જોતાની સાથે જ ભીડ બેકાબુ થવા લાગી. ત્યારબાદ કલાકારોએ ભીડમાં ટી-શર્ટ વહેંચવાનું શરૂ કર્યું.

એક તરફ ઉભેલા લોકો ટી-શર્ટ લઈ રહ્યા હતા તો બીજી તરફ લોકો બેકાબૂ રીતે કલાકારો તરફ આગળ વધવા લાગ્યા. ગાર્ડએ લોકોને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ ભીડ કાબૂ બહાર જતી રહી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે, રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)એ લાઠીચાર્જ શરૂ કર્યો. જેના કારણે નાસભાગ મચી ગઈ હતી, આ દરમિયાન ભીડમાં હાજર લોકોએ સ્ટેજ પર જૂતાં અને ચપ્પલ ફેંકવાનું શરૂ કરી દીધું હતું. આ જોઈને ખાનગી સુરક્ષાકર્મીઓ અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફને સ્ટેજની પાછળ સુરક્ષિત લઈ ગયા. થોડી વાર પછી વાતાવરણ શાંત થયું અને પછી બંને કલાકારો સ્ટેજ પર આવ્યા.

# પ્રવાસીઓને આકર્ષવા માટેના હેલી-ટુરિઝમમાં કેરલા ટોચ પર એડવેન્ચર ટુરિઝમની મોટી ઈવેન્ટ્સની તૈયારી

## મનંથવાડીમાં એમટીબી કેરલા અને કોડેનચેરીમાં મલબાર રિવર ફેસ્ટિવલ



। અમદાવાદ, તા.૨૭ ।

૨૦૨૪માં નવી ઉંચાઈઓ સર કરવા તૈયાર, કેરલા ટુરિઝમે ઘરેલુ પ્રવાસીઓની સંખ્યા વધારવા માટેની પોતાની આક્રમક ઝુંબેશના ભાગરૂપે આજે રાષ્ટ્રીય રાજધાનીમાં રાજ્યના ટોચના પર્યટન સ્થળોને સાંકળતા હેલી-ટુરિઝમ સહિતની નવી પ્રોડક્ટ્સ પરથી પડદો ઉઠાવ્યો હતો.

કેરલાના પ્રવાસન મંત્રી શ્રી પી. એ. મોહમ્મદ રિયાસે જણાવ્યું હતું કે, 'સ્કાય એસ્કેપ્સ' તરીકે બ્રાન્ડ કરાયેલા હેલી ટુરિઝમ પ્રોજેક્ટને એવી જ રીતે ગેમ ચેન્જર તરીકે આયોજિત કરાયો છે, જેવી રીતે ત્રણ દાયકા અગાઉ હાઉસબોટ્સે રાજ્યના પર્યટન માટે કામ કર્યું હતું. આવી રીતે કેરલા ભારત અને વિદેશ બંનેના પ્રવાસીઓને પોતાની તરફ આકર્ષતું રહેશે.

શ્રી રિયાસે વધુમાં જણાવ્યું હતું કે, "કેરલાવિસ્તૃત હેલી-ટુરિઝમ પોલિસી બહાર પાડનારું દેશનું પહેલું રાજ્ય બન્યું છે. હેલિકોપ્ટર સર્વિસ પૂરી પાડતી કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવતા ટ્રાવેલ પેકેજની વિગતો સાથેની માઈક્રો સાઈટ પણ તૈયાર કરવામાં આવી છે. એક જ ટ્રિપ માં જુદા જુદાસ્થળોની મુલાકાત લેવાનું આયોજન કરતા પર્યટકો માટે આ પહેલ મોટા પાયે મદદરૂપ બનશે, જેનાથી રાજ્ય આંતરિક રીતે જોડાયેલું ટુરિઝમ હોટસ્પોટ બનશે."

પ્રવાસન મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, "નવા વર્ષે અમે રાજ્યમાં ઘરેલુ પર્યટકોની હાજરીને વધારવા માટે આક્રમક માર્કેટિંગ વ્યૂહરચના તૈયાર કરી છે. કેરલા ટુરિઝમની ઝુંબેશ- મેક અપ ફોર લોસ્ટ ટાઈમ, પેક અપ ફોર કેરલાને તેની નવીન પ્રચાર-પ્રસારની પહેલના બહોળા સમર્થન માટે પ્રતિષ્ઠિત PATA ગોલ્ડ એવોર્ડ એનાયત કરાયો હતો."

કેરલાને ગ્લોબલ એડવેન્ચર ટુરિઝમના નકશા પર મૂકવાના લક્ષ્યાંક સાથે સરકારે આ વર્ષે ચાર ઈન્ટરનેશનલ એડવેન્ચર સ્પોર્ટિંગ ઈવેન્ટ્સનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે, તેમ પર્યટન મંત્રી શ્રી રિયાઝે જણાવ્યું હતું. ૨૦૩૨ સુધી દુનિયાભરમાં એડવેન્ચર ટુરિઝમ ૨૦ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા હતી. ઘરેલુ ટુરિઝમની વૃદ્ધિમાં પણ તેની ઘણી મોટી ભૂમિકા રહી છે.

**વિશેષ** નિષ્ણાંત વક્તાઓએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે મૂંઝવતા પ્રશ્નો સંદર્ભે માર્ગદર્શન આપવાની સાથે પ્રાકૃતિક ખેતી માટે પ્રેરિત કર્યા

# જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવીએ : જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર

જમીન અને ખોરાકને ઝેર મુક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવી પડશે. પ્રાકૃતિક ખેતીથી ગાયના સંવર્ધન સાથે પરિવાર અને સમાજના આરોગ્યનું પણ જતન થશે. તેવી હિમાયત ખેડૂતોને સંબોધતા અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ-વ-પ્રદર્શનને ખુલ્લું મૂકતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે કરી હતી.

જૂનાગઢ શહેરના સરદારબાગ પાસેના લઘુ કૃષિ ભવન ખાતે આયોજિત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા આયોજિત આ પરિસંવાદમાં ખેડૂત ભાઈઓ અને બહેનોને પ્રાકૃતિક ખેતી સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે તેની જરૂરિયાત અને મહત્વ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હરેશભાઈ ઠુંમરે જણાવ્યું કે, આપણા પૂર્વજો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયેલા રહ્યા હતા, ત્યારે આજે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને લઈ ખેતીના ક્ષેત્રમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે. રાસાયણિક ખેતીથી



ઉત્પાદન ઘટવાની સાથે ઉત્પાદિત થતા પાક-શાકભાજી વગેરેની લોકોના આરોગ્ય પર વિપરીત અસરો થઈ છે. જેના પરિણામે કેન્સર જેવા ગંભીર રોગોનું પ્રમાણ વધતું જાય છે. મહામૂલી માનવ જિંદગી મળી છે ત્યારે, ઈશ્વરીયા વ્યવસ્થાઓ જાળવીને પ્રગતિ સાધી તે હિતાવહ છે. આરોગ્ય માટે હાનિકારક જંક ફુડ વગેરેથી દૂર રહીએ, મીલેટ્સ સાથેનો આપણો પરંપરાગત ખોરાક અપનાવીએ. તેમ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે અનિવાર્ય કારણોસર ઉપસ્થિત નહીં રહી શકેલા ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયાએ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના પ્રદર્શન માટે રાખવામાં આવેલા સ્ટોલ્સની મુલાકાત કરી હતી. સાથે જ ખેડૂતો પાસેથી પ્રાકૃતિક કૃષિ સંદર્ભે ચર્ચા કરી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ પરિસંવાદમાં રાજ્ય પ્રાકૃતિક કૃષિ સંયોજક ડૉ. રમેશ સાવલિયાએ જમીન અને આરોગ્ય બચાવવા સાથે આપણા કુટુંબ અને આવનારી પેઢી માટે પ્રાકૃતિક કૃષિનો વારસો આપવા માટે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ માટે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી વી. કે. ચૌહાણે પણ શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. આ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં આત્મા પ્રોજેક્ટ જૂનાગઢના ડાયરેક્ટર શ્રી ડી.જી. રાઠોડે શાબ્દિક સ્વાગત કરતા મહાનુભાવો અને ખેડૂતોને આવકાર્ય હતા અને અંતમાં મદદનીશ ખેતી નિયામક શ્રી ડી.ડી. ત્રાડાએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રધ્યાપક ડો. વિરેન્દ્ર ભટ્ટ અને ગુરુકુળ વંથલીના શ્રી નીલકંઠ ભગતે પ્રાકૃતિક કૃષિ સંદર્ભે જરૂરી માર્ગદર્શન આપવાની સાથે પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રેરિત કર્યા હતા. ઉપરાંત ખેડૂતોએ પણ પ્રાકૃતિક કૃષિ માટે મૂંઝવતા પ્રશ્નો રજૂ કર્યા હતા અને નિષ્ણાંત વક્તાઓએ તેનું સમાધાન આપ્યું હતું.

આ પ્રસંગે સંયુક્ત ખેતીનિયામકશ્રીના પ્રતિનિધિ શ્રી એમ. એમ. કાસુન્દ્રા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તર શિક્ષણ નિયામક શ્રી એન.બી જાદવ, મદદનીશ ખેતી નિયામક શ્રી મનિષ લાખાણી સહિતના અધિકારીઓ અને ખેડૂત ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરા રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

। વડોદરા , તા.૨૭ ।

ફરી એક વખત વલસાડમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીનો કોલ મળ્યો છે. વલસાડ રેલવે કંટ્રોલ રુમમાં વડોદરા રેલવે સ્ટેશનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. વલસાડ રેલવે પોલીસ કંટ્રોલ રુમને ધમકી ભર્યો ફોન આવ્યો છે.ફોન કરનારે પોતે પાકિસ્તાનના ISI એજન્ટ હોવાની ઓળખ આપી છે. ફરી એક વખત વડોદરા રેલવે સ્ટેશનનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. વલસાડ રેલવે પોલીસ કંટ્રોલ રુમમાં ફોમ કરીને એક શખ્શે વડોદરા રેલવે સ્ટેશનને ઉડાવી દેવાની ધમકી આપી છે. ફોન કરનાર પાકિસ્તાનનો ISI એજન્ટ હોવાનું સામે આવ્યુ છે. ધમકીભર્યો કોલ મળતા રેલવે પોલીસ એલર્ટ થઈ છે. SOG, LCB, RPF રેલવે પોલીસ સહિતની ટીમ તપાસમાં જોતરાઈ છે. ૨૬ ફેબ્રુઆરીના રોજ સાંજના સમયે વલસાડ રેલવે પોલીસ કંટ્રોલને એક અજાણ્યો કોલ આવ્યો હતો.

### નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા લાખો લિટર પાણીનો વેડફાટ

। છોટાઉદેપુર, તા.૨૭ ।

છોટાઉદેપુરના બોડેલી તાલુકાના ઘેલપુર ગામે ખેડૂતોને હાલાકી. નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા એક તરફ લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ પાણીના વેડફાટને કારણે છેવાડા સુધી પાણી ન પહોંચતા ખેડૂતો પાણીથી વંચિત રહે છે. છોટાઉદેપુરના બોડેલી તાલુકાના ઘેલપુર ગામે ખેડૂતોને હાલાકી. નર્મદાની માયનોર કેનાલમાં મોટુ ગાબડું પડતા એક તરફ લાખો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ પાણીના વેડફાટને કારણે છેવાડા સુધી પાણી ન પહોંચતા ખેડૂતો પાણીથી વંચિત રહે છે. કેનાલનું પાણી ખેતરમાં ઘુસતા ખેડૂતોના ઉભા પાક પર જોખમ તોળાઈ રહ્યું છે.

### Amulની સત્તા જાળવવા શામળ પટેલને મોટી રાહત

# સાબરડેરીની ચૂંટણીમાં શામળ પટેલ બિનહરીફ જાહેર થયા

। (એજન્સી) અમદાવાદ , તા.૨૭ ।

અમૂલની સત્તા જાળવવા માટે GCMMF ના ચેરમેન શામળ પટેલને મોટી રાહત સર્જાઈ છે. સાબરડેરીની ચૂંટણી હાલમાં યોજાઈ રહી છે, આ દરમિયાન ફોર્મ ચકાસણીની પક્રિયા પૂર્ણ થતા બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાં અમૂલની સત્તા જાળવી રાખવા માટેનો પ્રથમ દાવ શામળ પટેલ માટે સફળ રહ્યો છે. શામળ પટેલ બિનહરીફ જાહેર થયા છે.

સાબરડેરીની સામાન્ય ચૂંટણીને લઈ સહકારી રાજકારણનો માહોલ ગરમ બન્યો છે. આ દરમિયાન સાબરડેરીના ચેરમેન શામળ પટેલ બિનહરીફ જાહેર થયા છે. શામળ પટેલની ઉમેદવારી સામે વાંધો રજૂ કરવામાં આવ્યો હતો. જેને લઈ તેમની ઉમેદવારી પર રાજ્યના સહકારી રાજકારણીઓની નજર ઠરી હતી. આ દરમિયાન હવે સોમવારે આખરી ઉમેદવાર યાદી પ્રસિદ્ધ થતા શામળ પટેલને મોટી રાહત સર્જાઈ હતી. જોકે હજુ તેઓએ બે કોઠા પાર કરવા જરુરી છે. શામળ પટેલને બાયડની બેઠક પરથી બિનહરીફ જાહેર કરવામાં આવ્યા છે. આમ તેઓ સાબરડેરીના ડિરેક્ટર પદે ચૂંટાઈ આવ્યા છે. શામળ પટેલ માટે બાયડ-૧ બેઠક પરથી સાબરડેરીની



ચૂંટણીમાં ઉમેદવાર બન્યા હતા. ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન શામળ પટેલ માટે અમૂલની સત્તા ટકાવી રાખવા માટે સાબરડેરીની સત્તા જાળવી રાખવી સૌથી જરુરી છે. તેઓ સાબરડેરીની ચૂંટણીમાં ડિરેક્ટર પદે ચૂંટાઈ આવે એ જરુરી છે. આ દરમિયાન હવે શામળ પટેલ બિન હરીફ થવાને લઈ તેમને મોટી રાહત છે. સાબરડેરીની ચૂંટણીમાં તેમની સામે હરીફ ઉમેદવારે વાંધો રજૂ કર્યો હતો, જોકે તે ઉમેદવારની ઉમેદવારી રદ થઈ હતી. જોકે હવે શામળ પટેલ સામેનો વાંધાનો નિર્ણય થઈ જતા તેઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા છે. સાબરડેરીમાં ૧૬ બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. આ દરમિયાન ૨ ઝોનની બેઠકો બિનહરીફ થઈ છે. જ્યારે મેઘરજ બેઠક પરથી જયંતી ભીખાભાઈ પટેલ બિનહરીફ જાહેર થયા છે. આમ હવે ૧૪ બેઠકો માટે ૭૬ ઉમેદવારો મેદાને છે. જોકે ઉમેદવારી પત્ર ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે.અમૂલમાં સત્તાને ટકાવી રાખવા માટે શામળ પટેલે પ્રથમ અને મહત્વનો કોઠો ચૂંટણીમાં પાર પાડી દીધો છે. જોકે હવે આગળ વધુ બે કોઠા પાર કરવા જરુરી છે. જેમાં તેઓના સમર્થનમાં રહેનારા ડિરેક્ટરો ચૂંટણીમાં વિજયી થવા જરુરી છે, આમ તેઓના સમર્થક ડિરેક્ટરો વિજયી થતા તેઓ સાબરડેરીના ચેરમેન પદે ફરીથી ચૂંટાઈ આવવા જરુરી છે. આમ થવા બાદ તેઓ અમૂલની સત્તા જાળવી શકશે.

### મેળા દરમિયાન ગિર સફારી પાર્ક રહેશે બંધ

# જુનાગઢમાં ૫મી માર્ચથી મહા-શિવરાત્રીના મેળાનો પ્રારંભ થશે

### ૫ માર્ચથી ૮ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવતા ભાવિકોને કોઈજાતની અગવડ ન પડે મેળાની પારંપારિક રીતે યોજાતી વિધિ સરળતાથી થાય તે માટે સાધુ સંતોની બેઠક યોજાઈ

। (એજન્સી) જુનાગઢ, તા.૨૭ ।

જુનાગઢમાં ૫મી માર્ચથી મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહા વદ નોમથી તેરસ સુધી આ મેળાનુ આયોજન કરવામાં આવે છે. મેળાના આયોજનને લઈને વિવિધ અખાડાઓના સાધુસંતોની બેઠક મળી હતી. જેમા મેળાના વ્યવસ્થાપનને લઈને ચર્ચા કરાઈ હતી. લાખો ભાવિકોની આસ્થા, આગમન તેમજ ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ ગણાતા મહાશિવરાત્રીના મેળાનો ૫મી માર્ચથી પ્રારંભ થવાનો છે. દર વર્ષે મહાવદ નોમથી તેરસ દરમિયાન એમ ચાર દિવસ સુધી આ મેળો યોજાય છે. ૫ માર્ચથી ૮ માર્ચ સુધી ચાલનારા આ મેળામાં આવતા ભાવિકોને કોઈજાતની અગવડ ન પડે મેળાની પારંપારિક રીતે યોજાતી વિધિ સરળતાથી થાય તે માટે સાધુ સંતોની બેઠક યોજાઈ હતી. ભવનાથ તળેટીમાં પંચ દશનામ જુના અખાડામાં યોજાયેલી બેઠકમાં અગ્નિ અખાડા, આહ્વાન અખાડા અને જુના અખાડાના હોદ્દેદારો સહિતના જોડાયા હતા. સંતોએ મેળામાં આવનારા ભાવિકોને હાઈકોર્ટના આદેશને અનુસરી પ્લાસ્ટિકને ઉપ યોગ ન કરવા ખાસ અપીલ કરી છે.

આ બેઠક બાદ ભવનાથના મહંત રુદ્રેશ્વર જાગીર ભારતીએ જણાવ્યુ હતુ કે તંત્ર દ્વારા તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે અને જો કંઈ ઘટ હશે તો આ બાબતે તંત્ર સાથે ચર્ચા કરવામાં આવશે. મુચ્કુંદ ગુફા ભવનાથના મહંત મહેન્દ્રનંદ ગીરીએ જણાવ્યુ હતુ આ મેળા દરમિયાન સંતો તરફથી કોઈ અસુવિધા કે અવ્યવસ્થા ન સર્જાય તેની પુરતી તકેદારી રાખવામાં આવશે. તેમજ અખાડાની, ગુરુમૂર્તિ અને સનાતનની પરંપરામાં ક્યાંય કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.

ભવનાથમાં દર વર્ષે યોજાતા મહાશિવરાત્રીના મેળાને લઈને તંત્ર દ્વારા પણ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ચાર દિવસ સુધી ચાલતા આ પ્રસિદ્ધ મેળામાં લાખોની સંખ્યામાં ભાવિકો આવતા હોવાથી એસટી નિગમ દ્વારા ખાસ વધારાની બસોની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. . મેળો શરૂ થવાના બે દિવસ અગાઉથી જ ભવનાથ તળેટીમાં સાધુ સંતોનું આગમન શરૂ થઈ જાય છે. ભવનાથ મહાદેવના મંદિરમાં ધજારોહણ સાથે મેળાનો વિધિવત પ્રારંભ થાય છે.

ત્યારબાદ ત્રણ અખાડામાં ધ્વજારોહણ થાય છે. ભવનાથમાં પરંપરાગત રવેડી બાદ સાધુ-સંતો વહેલી સવારે મૃગીકુંડમાં સ્નાન કરે છે અને આ સ્નાન બાદ મેળો સંપન્ન થાય છે. મહાશિવરાત્રીના કારણે સોમનાથ મંદિર સહિત સમગ્ર સોરઠમાં લોકો ભગવાન શિવની ભક્તિમાં લીન થાય છે અને જય ગિરનારી, બમ બમ ભોલે અને હરહર મહાદેવના નારા સાથે સમગ્ર વાતાવરણ શિવમય બની જાય છે.

મહાશિવરાત્રીના મેળા દરમિયાન વન વિભાગનો સ્ટાફ પણ મેળામાં વ્યસ્ત રહેતા હોવાથી પાંચ દિવસ સુધી ગીર નેચર સફારી પાર્ક બંધ રાખવામાં આવે છે.

### રાહુલની ન્યાય યાત્રાની વચ્ચે જ કોંગ્રેસને વધુ આંચકા

# દિગ્ગજ નેતા નારણ રાઠવાનું કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા

### નારણ રાઠવાની તેમના પુત્ર સંગ્રામસિંહ અને અન્ય કેટલાક કોંગ્રેસના નેતા સમર્થકો સાથે ભાજપમાં જોડાઈ ગયા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૭ ।

એક બાજુ રાહુલ ગાંધી ભારત જોડો ન્યાય યાત્રા કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ ગુજરાતમાં કોંગ્રેસને એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. હવે વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં કોંગ્રેસના વધુ ત્રણ આગેવાનોએ રાજીનામાં આપીને ભાજપમાં જોડાયા છે. આગેવાનોએ પક્ષમાં ગેરશિસ્ત તેમજ તેમજ જ્ઞાતિવાદના ગંભીર આક્ષેપો કર્યા છે. છોટાઉદેપુર જિલ્લાના પૂર્વ રેલ રાજ્યમંત્રી નારાણ રાઠવાએ પક્ષમાં ચાલી રહેલી ગેરશિસ્ત તેમજ સંગઠનમાં પકડનો અભાવ જોતા પક્ષમાંથી તાત્કાલિક રાજીનામું આપીને પોતાના સમર્થકો સાથે કેસરીયો ખેસ ધારણ કર્યો છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રા ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પહોંચે તે પહેલા જ પક્ષને મોટો ઝટકો લાગ્યો છે.



લોકસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપે ઓપ રેશન લોટસ શરૂ કર્યુ છે જેના પગલે કોંગ્રેસના ધારાસભ્યોથી માંડીને નેતા-કાર્યકરોએ કમલમ તરફ દોટ માંડી છે. ત્યારે હવે પૂર્વ કેન્દ્રિય રાજ્ય મંત્રી નારણ રાઠવા તેમજ તેઓના પુત્ર અને બરોડા ડેરીના ડિરેક્ટર સંગ્રામ સિંહ રાઠવા તેમજ વડોદરા જિલ્લા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અભિષેક ઉપાધ્યાય પણ કોંગ્રસમાંથી રાજીનામું આપીને ભાજપ પ્રદેશ પ્રમુખની હાજરીમાં ભાજપ માં જોડાયા છે. આ સાથે જ લોકસભાની ચૂંટણી પહેલા જ આદિવાસી બેલ્ટમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. નોંધનીય છે કે અગાઉ પણ કોંગ્રેસના અનેક દિગ્ગજ નેતાઓએ રાજીનામાં આપીને ભાજપમાં જોડાયા છે. માર્ચના પહેલા અથવા બીજા સપ્તાહમાં લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલા જ કોંગ્રેસના નેતાઓ પક્ષ સાથે છેડો ફાડી રહ્યા છે. ત્યારે હવે નારણ રાઠવા તેમના પુત્ર સંગ્રામસિંહ તેમજ પોતાના ૫૦૦ સમર્થકો સાથે આજે ભાજપમાં જોડાયા છે. છોટા ઉદેપુરથી ૫ વખત લોકસભાના સાંસદ રહી ચૂકેલા નારણ રાઠવા આદિવાસી સમુદાયમાંથી આવે છે. કોંગ્રેસમાંથી રાજકીય કારકિર્દી શરૂ કરનાર ૬૭ વર્ષીય નારણ રાઠવા ૧૯૮૯માં લોકસભા ચૂંટણી જીતીને ૫ હેલીવાર સંસદમાં પહોંચ્યા હતા. આ પછી, તેમણે વર્ષ ૧૯૯૧, ૧૯૯૬, ૧૯૯૮ અને ૨૦૦૪માં લોકસભાની ચૂંટણી પણ લડી અને જીતી હતી.

નારણ રાઠવા ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી યુપીએ-૧ સરકારમાં રેલ્વે મંત્રી પણ રહી ચુક્યા છે. વર્ષ ૨૦૦૮માં કોંગ્રેસે નારણ રાઠવાને રાજ્યસભામાં મોકલ્યા હતા. ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના રામસિંહ રાઠવાએ નારણ રાઠવાને હરાવી કોંગ્રેસ પાસેથી છોટા ઉદેપુર બેઠક કબજે કરી હતી. આ પછી રાઠવાએ કોઈ પદ સંભાળ્યું ન હતું, પરંતુ ૨૦૧૮માં કોંગ્રેસે તેમને ગુજરાતમાંથી રાજ્યસભામાં મોકલ્યા હતા. આ સાથે જ લોકસભા ચૂંટણી પહેલા નારણ રાઠવા ભાજપમાં જોડાતા પાર્ટીને ગુજરાતના આદિવાસી બેલ્ટમાં મોટો ફાયદો મળી શકે છે. એવી પણ શક્યતા છે કે ભાજપ નારણ રાઠવાને લોકસભાના ઉમેદવાર બનાવી શકે છે. નારણ રાઠવાનો રાજ્યસભાનો કાર્યકાળ તાજેતરમાં પૂરો થયો છે.

### આઈટી દરોડાથી હચમચી ગયા અન્ય મોટા માથા

# રાજકોટના બે મોટા ગ્રૂપ પર ઈન્કમટેક્સ ત્રાટક્યું

### ઓરબીટ બેરિંગ ગ્રુપ અને તેની સાથે સંકળાયેલા ૧૫ સ્થળોએ પાડ્યા દરોડા મોટા પ્રમાણમાં બેનામી વ્યવહારો સામે આવે તેવી શક્યતા

। (એજન્સી) રાજકોટ , તા.૨૭ ।

રાજકોટમાં આવકવેરા વિભાગનું મોટું સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. ઓરબીટ બેરિંગ ગ્રૂપ અને તેની સાથે સંકળાયેલા ૧૫ સ્થળોએ દરોડા પાડવામા આવ્યા છે. વહેલી સવારે આવકવેરા વિભાગના અધિકારીઓએ સર્ચ ઓપરેશન શરૂ કર્યુ છે. જેમાં બેનામી વ્યવહારો મોટા પ્રમાણમાં સામે આવે તેવી શકયતા છે. રાજકોટમાં રિયલ એસ્ટેટના બે મોટા ગ્રુપ ઉપર ઈક્મટેક્સના દરોડા પડ્યા છે. આજે સવરથી જ લાડાણી એસોસિયેટ્સ અને ઓરબીટ ગ્રુપ ઉપર ઈક્મટેક્સ ત્રાટક્યુ છે. રાજકોટના મોટા માથા ગણાતા દિલીપભાઈ લાડાણી અને વિનેશભાઈ પટેલ સહિત અનેક મોટા માથાઓને ત્યાં ઈક્મટેક્સની તવાઈ બોલાવાઈ છે. ઓરબીટ રોયલ ગાર્ડન સહિત અનેક પ્રોજેક્ટ માટે રાજ્ય સરકાર સાથે એમઓયુ કરનાર ગ્રુપ પણ ઝપેટમાં આવ્યું છે. રાજકોટ શહેરમાં કુલ ૨૮ જગ્યાએ દરોડા અને સર્વેની કાર્યવાહી ચાલી રહી છે. દિલીપભાઈ લાડાણી સાથે સંકળાયેલ અનેક વેપારી અને ઉદ્યોગ પતિ પણ આઈટીની અડફેટે આવી ગયા છે. તપાસના અંતે મોટાપાયે બેનામી વ્યવહારો મળે તેવી સંભાવના છે. નાનપુરાનો કુખ્યાત સાજુ કોઠારી હવે ઈડીના સાણસામાં આવ્યો. ઈડીના એડિશનલ ડિરેક્ટર ધર્મેન્દ્ર મીના દ્વારા સાજુનું સ્ટેટમેન્ટ લેવાની મંજૂરી માગતી અરજી કરાઈ હતી. જે કોર્ટે મંજૂર રાખતા હવે આગામી ૧લી અને ૨ માર્ચના રોજ ઈડી સાજુની પુછપરછ કરશે. ઈડીએ જાણવા માગે છે કે, ક્રાઈમ મારફત સાજુએ કેટલી માલ-મિલકત જમા કરાવી છે. હવાલાનો કોઈ મામલો છે કે કેમ અને બેનામી મિલકતો કેટલી છે.

### એમ્બ્યુલન્સ ચોરી થવાનો મામલો

# એમ્બ્યુલન્સ ચોરી કરનાર આરોપી વેજલપુરથી ઝડપાયો

### પોલીસે સિવિલ અને સિવિલથી બહાર નિકળતા રુટના સીસીટીવી આધારે શોધખોળ હાથ ધરી હતી

। (એજન્સી) હિંમતનગર, તા.૨૭ ।

હિંમતનગરની નવી સિવિલ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સ ચોરી થવાના મામલે આખરે આરોપી ઝડપાયો છે. સીસીટીવીના આધારે હિંમતનગર પોલીસની ટીમ એમ્બ્યુલન્સને અમદાવાદના વેજલપુરમાંથી શોધી નિકાળવામાં સફળ રહી છે. સિવિલના પાર્કિંગમાંથી એમ્બ્યુલન્સ ચોરી થવા અંગે હિંમતનગર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.હિંમતનગર શહેરમાં આવેલી નવી સિવિલ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સની ચોરી થઈ હતી. સવારના આઠેક વાગ્યના અરસા દરમિયાન શિફ્ટ પર આવેલ ડ્રાયવર પાણીની બોટલ લેવા જતા એમ્બ્યુલન્સની ચોરી થઇ ગઈ હતી. એમ્બ્યુલન્સ ચોરી થવાને લઈ સિવિલ હોસ્પિટલના ડ્રાયવરે હિંમતનગર શહેર પોલીસ સ્ટેશન મથકે



ચોરીનો ગુનો નોંધાવ્યો હતો. જેને લઈ પોલીસે સિવિલ અને સિવિલથી બહાર નિકળતા રુટના સીસીટીવી આધારે શોધખોળ હાથ ધરી હતી. જેમાં પોલીસને એમ્બ્યુલન્સ અમદાવાદ તરફ ગઈ હોવાની કડીઓ મળી હતી. જેના આધારે પોલીસ અમદાવાદના વેજલપુર પહોંચી હતી. જ્યાંથી એમ્બ્યુલન્સ અને તેની ચોરી કરનાર શખ્શને ઝડપી લઇ હિંમતનગર લવાયા હતા. આરોપી યુવક ગાંધીનગરના બોરીસણાનો હતો અને તેણે એમ્બ્યુલન્સની ચોરી આચરી હતી.

# સુરેન્દ્રનગરમાં અચાનક જ વાતાવરણમાં પલટો આવતા જીરું ઉપાડવા દોડ્યા ખેડૂતો

### ખેડૂતોના જીરા ઉત્પાદનને આવા ભેજવાળા વાતાવરણમાં નુકસાન થાય તેવી પરિસ્થિતિ ઉભી થયા બાદ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૭ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં સતત વાતાવરણ માં પલટો આવી રહ્યો છે. અને જેનો માર ખેડૂતોને સહન કરવો પડી રહો છે.ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ફરી વાતાવરણ માં પલટો આવ્યો છે.સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વહેલી સવાર થી ભેજ વાળું અને વાદળ છાયું વાતાવરણ છે જેને લઈ ફરી એક વખત ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યા બાદ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખાસ કરીને જીરા ઉત્પાદનને નુકસાન જવાની ભીતી ઊભી થઈ છે. ત્યારે ખેડૂતોના જીરા ઉત્પાદનને આવા ભેજવાળા વાતાવરણમાં નુકસાન થાય તેવી પરિસ્થિતિ ઉભી થયા બાદ ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ત્યારે હાલની પરિસ્થિતિ મુજબ જે ખેડૂતોએ જીરાનો ઉત્પાદન કર્યું છે. તે ખેડૂતો તાત્કાલિક પણે પોતાના ખેતરમાંથી જીરું ઉપાડવા લાગ્યા છે. જેને લઈને હાલ હાલમાં ખેતરમાં કામ કરતા મજૂરોની અછત પણ ઊભી થઈ છે. જીરા ઉત્પાદનને વ્યાપક નુકસાનની ભીતિના કારણે ખેડૂતો ની ચિંતા વધી છે.હાલ તાત્કાલિક ધોરણે જીરા ઉપાડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ખાસ કરી સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી, મુળી, વઢવાણ, સાયલા, ધાંગધ્રા, ચુડા, પાટડી, ચોટીલા સહિતના વિસ્તારોમાં આજે વાતાવરણમાં પલટો આવ્યો છે. હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે અગામી દિવસોમાં માવઠું પડશે. જેને લઈને ખેડૂતોના જીરાના પાકને નુકસાન જવાની પરિસ્થિતિ ઉભી થતા ખેડૂતો તાત્કાલિક ધોરણે પોતાના ખેતરોમાં પડેલા જીરાનું ઉત્પાદન હવે ઉપાડવા લાગ્યા છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨